# Gyan Amrit
# ज्ञानामृत

October 2026 - Issue 10
Retail Price ₹ 15/-

## सरदार वल्लभ भाई पटेल





ભાવનગર જીલ્લા ક્લેક્ટર ભ્રાતા ડૉ. મનીષકુમાર IAS,ને
રક્ષાસૂત્ર બાંધતા બ્ર.કુ. તૃપ્તિબેન.



અમરેલી જીલ્લા ક્લેક્ટર ભ્રાતા વિકલ્પ ભારદ્વાજ IAS,ને
રક્ષાબંધન કરતાં બ્ર.કુ. ગીતાબેન.



બોટાદ જીલ્લા ક્લેક્ટર ભ્રાતા હર્ષદ વોરા IAS,ને
રક્ષાબંધન કરતાં બ્ર.કુ. નીતાબેન.



રાજકોટ જીલ્લા ક્લેક્ટર ભ્રાતા ડૉ. ઓમપ્રકાશ IAS,ને
રક્ષાબંધન કરતાં બ્ર.કુ. કિંજલબેન.




વ્યારા જીલ્લા ક્લેક્ટર ભ્રાતા દેવ ચૌધરી IAS,ને
રક્ષાબંધન કરતાં બ્ર.કુ. દીપાબેન.



પોરબંદર જીલ્લા ક્લેક્ટર ભ્રાતા એસ.ડી. ધાનાણી IAS,ને
રક્ષાબંધન કરતાં બોખીરાના બ્ર.કુ. હંસાબેન.




સુરેન્દ્રનગર મ્યુનિસિપલ કમિશનર ભ્રાતા જે.કે. યાદવ IAS,ને
રક્ષાબંધન કરતાં બ્ર.કુ. હર્ષાબેન.



આણંદ જીલ્લા ક્લેક્ટર ભ્રાતા પ્રવીણ ચૌધરી IAS,ને
રક્ષાબંધન કરતાં બ્ર.કુ. ગીતાબેન.

# Gyan Amrit
# જ્ઞાનામૃત

વર્ષ ૧૯ ઓક્ટોબર- ૨૦૨૬ અંક : ૧૦

**પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયનું મુખપત્ર**


## અમૃતસૂચિ


- ગાંધી મૂલ્યોની વિરાસત, નવરાત્રિ, દશેરા ..તંત્રી સ્થાનેથી ..04
- આસ્થા ................................બ્ર.કુ. ડો. કનૈયાલાલ ..05
- યુવા સૌરભ - પવિત્રતા સુખ-શાંતિની .....બ્ર.કુ. મુકેશભાઈ ..06
- રમતગમતમાં નૈતિકતા - આધ્યાત્મિકતા .બ્ર.કુ. સમરજીત ..08
- બાળ સરિતા - જીવનદર્શન ......................બ્ર.કુ. અનુ ..12
- જ્ઞાન પરબ - સ્વમાન .........................બ્ર.કુ. જગદીશ ..14
- રાજયોગિની સતીદીદીજી ........................બ્ર.કુ. હેમંત ..16
- પ્રભુને પત્ર ..........................................બ્ર.કુ. ઉમેશ ..21
- પાવન સમય - નવરાત્રિ ....................બ્ર.કુ. વિવેકાનંદ ..22
- તેરી ઔર મેરી હી કહાની ...................બ્ર.કુ. શિવલાલ ..26
- નવરાત્રિ નિમિત્તે.................................બ્ર.કુ. ગીતા ..27
- વાચકોના પ્રતિભાવ ...............................................28
- સંગમયુગની પ્રશ્નાવલી, ભાગ - 8 ............................29



**2026 ના લવાજમના દર**

**ભારતમાં**

| | | |
|---|---|---|
| વાર્ષિક લવાજમ | રૂ. | ૧૩૦.૦૦ |
| આજીવન સભ્ય | રૂ. | ૨,૨૦૦.૦૦ |
| છૂટક નકલ | રૂ. | ૧૫.૦૦ |

**વિદેશમાં**

| | | |
|---|---|---|
| એરમેઈલ વાર્ષિક | રૂ. | ૧,૬૦૦.૦૦ |
| આજીવન સભ્ય | રૂ. | ૧૨,૦૦૦.૦૦ |

મુદ્રક અને પ્રકાશક
**ભારતી રણછોડદાસ સોમૈયા**
તંત્રી
**ડો. નંદિની હર્ષદરાય દ્વિવેદી**
માલિક
**પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય**


જ્ઞાનામૃત માટે કૃતિઓ, ફોટા, લેખ, કવિતા, અન્ય પ્રકાશન સામગ્રી તંત્રીશ્રી, જ્ઞાનામૃત કાર્યાલયના નામે - સરનામે મોકલવા અથવા ઈમેઈલ દ્વારા મોકલવા
gyanmrit.guj@gmail.com

**~: વિશેષ નોંધ :~**

જ્ઞાનામૃતના સભ્ય બનવા નીચે આપેલ બેંક ખાતાની વિગતનો ઉપયોગ કરી ઓનલાઈન, રોકડા, ચેક, ડી.ડી.થી લવાજમ ભરવું. GPay, મોબાઈલ નંબર કે Phone Pay ઉપર લવાજમ ભરી શકાશે નહીં.

**જ્ઞાનામૃતના બેંક ખાતાની વિગતો**

**પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય**

Account No. : **03290100041261** IFSC Code : **BARB0GITAMA**

Bank Name : **BANK OF BARODA, Geeta Mandir Branch**


**જ્ઞાનામૃત કાર્યાલય - પ્રકાશન સ્થળ - ગુજરાત ઝોન મુખ્યાલય**

**બ્રહ્માકુમારીઝ, સુખશાંતિ ભવન, ભુલાભાઈ પાર્ક રોડ, કાંકરિયા, અમદાવાદ - 380 022.**

Mobile : **+91 94267 08448** Phone : **079 - 2532 4460**

Email : **gyanamrit.guj@gmail.com**

## તંત્રી સ્થાનેથી

# ગાંધી મૂલ્યોની વિરાસત,
# નવરાત્રિનું શક્તિ જાગરણ અને દશેરાનો વિજય

ભારતમાં પર્વો કે ઉત્સવો માત્ર ધાર્મિક ઉજવણીઓ નથી. પણ માનવીય જિંદગીમાં અલૌકિકતા ભરવાનો આધ્યાત્મિક સંદેશ પણ છે. ગાંધી જયંતી, નવરાત્રિ અને દશેરા - આ ત્રણેય પ્રસંગો આપણને આંતરિક પરિવર્તન, મૂલ્યનિષ્ઠ જીવન અને આત્મજાગૃતિ તરફ જવા પ્રેરિત કરે છે. આજના યુગમાં માનવી ભૌતિક પ્રગતિની ચકા-ચોંધની વચ્ચે માનસિક અશાંતિ, હિંસા, અસહિષ્ણુતા અને મૂલ્યોના હ્રાસનો સામનો કરી રહ્યો છે, ત્યારે આવા તહેવારોનો આધ્યાત્મિક અર્થ સમજવો અત્યંત જરૂરી બની જાય છે.

દર વર્ષે 2 ઓક્ટોબરે ઉજવાતી ગાંધી જયંતી ગાંધીજીના શાશ્વત મૂલ્યો સત્ય, અહિંસા, સાદગી, સ્વચ્છતા, આત્મશાસન અને સર્વધર્મ સમભાવ આપણને જીવનમૂલ્યોની સ્મૃતિ તાજી કરાવે છે. મહાત્મા ગાંધીનું સમગ્ર જીવન મૂલ્યોનું જીવંત ઉદાહરણ હતું. ગાંધીજી સ્વરાજની પ્રાપ્તિ માટે સમર્પિત થયા. ભારત દેશની સ્વતંત્રતા સાથે આંતરિક સ્વરાજ પર પણ એટલો જ ભાર મુકવો જરૂરી છે. જ્યારે વ્યક્તિ પોતાના મન, કર્મેન્દ્રિયો અને સંસ્કારો ઉપર વિજયી બને ત્યારે જ સાચા સ્વરાજની પ્રાપ્તિ થાય.

આજે વિશ્વમાં વધતી જતી હિંસા, નશા અને માદક પદાર્થોની પ્રવૃત્તિઓ, પર્યાવરણનું પ્રદૂષણ, પરિવારિક વિખવાદ અને માનસિક તણાવ દર્શાવે છે કે, માત્રને માત્ર આધુનિક વૈજ્ઞાનિક પ્રગતિ જીવનમાં પૂરતી નથી. મૂલ્ય આધારિત જીવનશૈલી અને આધ્યાત્મિકતાનો વિકાસનો સમન્વય જ સ્થાયી શાંતિ અને સુખનો સાચો રસ્તો છે. ગાંધીજીના સત્ય અને અહિંસાના આદર્શોને આત્મજાગૃતિ સાથે જોડવામાં આવે તો, સમાજમાં ચોક્કસ નવી સકારાત્મક ક્રાંતિ સર્જાઇ શકે.

આધ્યાત્મિક દૃષ્ટિકોણ મુજબ પ્રત્યેક આત્મામાં શાંતિ, પ્રેમ, પવિત્રતા, સુખ, આનંદ અને શક્તિ જેવા સાત મૂળ ગુણો સમાયેલા છે. નવરાત્રિ એટલે શક્તિસ્વરૂપા નવ-નવ આદ્ય દેવીઓની આરાધના અને ઉપાસનાનું પર્વ. નવરાત્રિના શક્તિપૂજનમાં સ્થૂળ સાકાર દેવીઓનું અર્ચનપૂજન કરતાં પણ વધુ મહત્વપૂર્ણ સ્વયંમાં રહેલી સુષુપ્ત દૈવી શક્તિઓને ઉજાગર કરી જાગૃતિ લાવવાનો સંદેશ સમાયેલો છે. જ્યારે આત્મા પરમાત્મા સાથે રાજયોગ દ્વારા જોડાય છે, ત્યારે તેમાં સહનશક્તિ, નિર્ણયશક્તિ, પ્રેમશક્તિ, ક્ષમાશક્તિ અને સંકલ્પશક્તિ જેવી વિવિધ શક્તિઓનો વિકાસ ચોક્કસ થાય છે. ખરેખર આજ સાચી 'શક્તિ ઉપાસના' કહેવાય.

વાસ્તવમાં નવ દિવસના નોરતા એ આધ્યાત્મિક સાધનાના નવ સોપાનો છે. નવરાત્રિના નવ દિવસ જો દરરોજ એક-એક અવગુણનો ત્યાગ કરી તેના સ્થાને એક-એક દૈવી ગુણને અપનાવીએ તો જીવનમાં સાચું નવસર્જન શક્ય બને. આજના યુગમાં કામ, ક્રોધ, લોભ, મોહ, અહંકાર, ઈર્ષ્યા અને દ્વેષરૂપી આંતરિક રાવણ મનુષ્યને અસ્વસ્થ બનાવી દે છે. તેથી શક્તિની આરાધનાની સાથે-સાથે સ્વપરિવર્તનની સાધના પણ આજના સાંપ્રત સમયમાં તેટલી જ અનિવાર્ય બની છે.

દશેરા આપણને અસત્ય પર સત્યના,

અધર્મ પર ધર્મના અને દુર્ગુણો પર સદ્‌ગુણોના વિજયનો સંદેશ આપે છે. રાવણનું કાગળ, વાંસ અને દારૂખાનાથી ભરેલાં પુતળાનું દહન કરવું એકદમ સહેલું છે. પરંતુ માનવના મનમાં રહેલા અહંકાર, ક્રોધ, સ્વાર્થ અને આસક્તિ રૂપી રાવણને સમાપ્ત કરવો એજ સાચો વિજય છે. અધ્યાત્મ અનુસાર પાંચ વિકારો જ તમામ દુઃખ અને અશાંતિના મૂળ કારણ છે. જ્યારે રાજયોગ દ્વારા આત્મા પોતાના મૂળ સ્વરૂપમાં સ્થિત થાય ત્યારે પાંચ વિકારો ઉપર વિજય મેળવી શકાય. દશેરા એટલે અધર્મ ઉપર ધર્મનો વિજય, વિકારો પર વિજય. વિજયાદશમીનો આ જ સાચો આધ્યાત્મિક ભાવાર્થ છે.

બ્રહ્માકુમારીઝ સંસ્થા દાયકાઓથી રાજયોગ ધ્યાન, મૂલ્ય શિક્ષણ, નારી સશક્તિકરણ, વ્યસનમુક્તિ, પર્યાવરણ જાગૃતિ અને વૈશ્વિક શાંતિ માટે ઈશ્વરીય સેવાઓ વિનામૂલ્યે આપે છે. વિશ્વપરિવર્તનની શરૂઆત સ્વપરિવર્તનથી કરવી તે સંસ્થાનો મૂળ લક્ષ્ય છે. જ્યારે દરેક વ્યક્તિ પોતાના વિચારોને શુદ્ધ બનાવે ત્યારે પરિવાર, સમાજ અને રાષ્ટ્રમાં પણ સુખ, શાંતિ અને સમરસતાનું વાતાવરણ અવશ્ય નિર્માણ થાય છે.

આ મહાન દિવસ તથા પાવન પર્વો આપણને એક જ દિશામાં આગળ વધવા દિશાનિર્દેશ કરે છે - મૂલ્યનિષ્ઠ જીવનનું આચરણ, શક્તિનું જાગરણ અને અવગુણો ઉપર વિજય. સૌને ગાંધી જયંતી જીવનમાં સત્ય તથા અહિંસાને વ્યવહારમાં ઉતારવાનો સંકલ્પ કરાવે, નવરાત્રિ આત્મશક્તિ આપે, દશેરા આંતરિક વિજયની પ્રેરણા આપે છે.

ચાલો, આ પર્વોને ફક્ત ઉજવવા પૂરતા સીમિત ન રાખીએ પણ તેને રાજયોગ ધ્યાનાભ્યાસ દ્વારા પરમાત્મા પાસેથી આત્મશક્તિને જાગૃત કરીએ. જીવનમાંથી અવગુણોનો ખાતમો કરીએ અને ગાંધી મૂલ્યોને દૈનિક જીવનમાં જીવવાનો સંકલ્પ કરીએ. ત્યારે વ્યક્તિ, પરિવાર, સમાજ, દેશ અને વિશ્વમાં શાંતિ, પ્રેમ, એકતા, આનંદ, પવિત્રતા અને સુખનો નવયુગ સ્થપાશે. તો હવે, યોગ્ય રીતે મનાવીએ ગાંધી જયંતીની સાથે-સાથે નવરાત્રિ અને દશેરા ઉત્સવોની ઉજવણી.

॥ ૐ શાંતિ ॥

**બ્ર. કુ. ડો. નંદિની**

# આસ્થા

**બ્ર.કુ. ડો કનૈયાલાલ માલી 'ઉત્સવ',**

**બાપુનગર, ઈન્ડિયા કોલોની, અમદાવાદ**

આધ્યાત્મિક આસ્થાનો હું ગુલામ છું,
આધ્યાત્મિક આસ્થાને પ્રેમથી હું વરુ છું.
આધ્યાત્મિક આસ્થાને હું સમજુ છું,
આધ્યાત્મિક આસ્થામાં હું ભટકતો નથી.
આધ્યાત્મિક આસ્થામાં
ફક્ત એક શિવને હું વરુ છું
આધ્યાત્મિક આસ્થામાં
હું અને તું, ત્રીજો કોઈ નહીં
આધ્યાત્મિક આસ્થામાં
મને અટલ વિશ્વાસ છે,
આધ્યાત્મિક આસ્થામાં
ઈશ્વર ભક્તને ઓળખે છે
આધ્યાત્મિક આસ્થામાં
ભટકતા ભક્તને ઈશ્વર છોડે છે
આધ્યાત્મિક આસ્થામાં
સત્ય જ્ઞાનનું શિરોમણી છે.
આધ્યાત્મિક આસ્થામાં
મન ડોલે, આત્મા ટકી રહે છે.

**॥ ઓમ શાંતિ ॥**

## યુવા સૌરભ

# પવિત્રતા સુખ-શાંતિની જનની

બ્ર.કુ. મુકેશભાઈ જોષી, ભાવનગર

આદર્શ રાજાનું મહત્વ રાજ્યમાં હોય છે, જ્ઞાનવાનનું મહત્વ રાષ્ટ્રમાં હોય છે, જ્યારે મૂલ્યનિષ્ઠ માનવનું મહત્વ સમગ્ર વિશ્વમાં હોય છે. સમાજમાં આધ્યાત્મિક મૂલ્યો વડે મૂલ્યનિષ્ઠ સમાજની સ્થાપના કરવાના શુભ આશયથી પરમ પિતા પરમાત્મા શિવના સાકાર માનવ માધ્યમ પ્રજાપિતા બ્રહ્મા બાબાના અલૌકિક બ્રહ્માને વત્સોએ પોતાનું જીવન પ્રભુ અર્પણ કરેલ છે.

'સર્વ ગુણોમાં સર્વશ્રેષ્ઠ ગુણ પવિત્રતા છે' એક તરફ સંસારની સ્થૂળ ભૌતિકતાની સંપતિ રાખવામાં આવે અને બીજી તરફ અણીશુદ્ધ ચારિત્ર્યવાન સમાજ. તો મૂલ્ય કોનું ? ચારિત્ર્યવાન સમાજનું જ જે મન વચન કર્મથી પવિત્ર છે તે ચારિત્ર્યવાન મહાન છે પવિત્રતા સકારાત્મક ઊર્જા છે. જેમ ડેમ ઉપરથી પાણીનો ધોધ વહે એટલે ઉર્જા ઉત્પન્ન થાય તેમ પવિત્રતા પ્રકાશ, તેજસ્વીતા ઓજસ્વીતા સ્વયં પ્રકાશિત થાય છે.

પવિત્રતા એટલે મન - વચન - કર્મની શુદ્ધિ, નિરાકારી - નિર્વિકારી - નિરઅહંકારી, વૃત્તિ - દ્રષ્ટિ - કૃતિથી વિશ્વ બંધુત્વની ભાવના ઉત્પન્ન થાય છે. પવિત્રતા જેવી રીતે સિંહણનું દૂધ સોનાના વાસણમાં ટકી શકે એવી જ રીતે પવિત્રતાની સંપન્નતા એટલી જ જીવનમાં ધારણા ઊંચી રહી શકે છે. વર્તમાનમાં કલિયુગ અંત અને સતયુગની સ્થાપનાના સંધિકાળે પવિત્રતાની પરિભાષા આપવી કઠિન કપરી લાગે છે. કદાચ એવું લાગે કે શું સંપૂર્ણ પવિત્રતા શક્ય છે? સંભવ છે? પરંતુ 'મન હોય તો માળવે જવાય' કવિની પંક્તિ છે 'કદમ હો અસ્થિર જેના તેને રસ્તો કદી જડતો નથી અને અડગ મનના માનવીને હિમાલય પણ નડતો નથી.'

માયાવી પરિબળોને ઓળખીએ - ગત જન્મોના સંસ્કાર ઋણાનુબંધન, દેહ અને દેહની દુનિયાના આકર્ષણ, ધન, સંપત્તિ, હદનો નશો. કર્મેન્દ્રિયો પર સંપૂર્ણ નિયંત્રણનો અભાવ, કર્મ-ભોગ દેહ પીડા સંશય જગાવે છે.

વિવિધ માયાવી પરિબળોમાં - સકારાત્મક અભિગમ સ્વયંમાં સંપૂર્ણ આત્મવિશ્વાસ રાખીએ. વિશ્વ નાટક એક્યુરેટ એકરસ, હુબ હુ રીપીટ થઈ રહ્યું છે તેને સાક્ષી દ્રષ્ટાભાવથી જોઈએ.

શિવ ભગવાનની શ્રીમતમાં સંપૂર્ણ નિશ્ચય. સહનશીલતા, ધૈર્યતા, હિંમતના સદગુણોને યથાર્થ રીતે જીવનમાં સ્વરૂપમાં લાવીએ પ્રતિદિન સાચા દિલથી સેવા કરી દુઆઓનું જમાનું એકાઉન્ટ વધારતા જઈએ.

પવિત્રતાની ધારણા કરનારની મન વચન કર્મથી જીવનમાં અવિનાશી સુખ, શાંતિ, આનંદ, પ્રેમની અપાર દિવ્ય અનુભૂતિ થાય છે કોઈને જાણે અજાણે દુ:ખ ના આપવું, 'ના દુ:ખ દેવું ના દુ:ખ લેવું'ની ધારણા રાખી જીવન વ્યતીત કરે છે.

બ્રહ્માવત્સોના જીવનમાં સર્વગુણો સર્વ શક્તિઓથી સંપન્ન અવિનાશી શિવ પિતાની સ્મૃતિમાં રહેવું એ એક સ્વરૂપ છે. બીજું સ્વરૂપ પવિત્રતા એ સંપૂર્ણ શુદ્ધતા છે. અગરબત્તીની જેમ બળીને અન્યને સુગંધ આપે છે. ફૂલો કડાઈમાં ઉકળીને અત્તર બની સુગંધ ફેલાવે છે જ્યારે બ્રહ્માવત્સો શિવ ઉપર બલિહાર જઈ પોતાના સદ્દગુણોની સુગંધ વાતાવરણમાં ફેલાવે છે.

પવિત્રતા એ આધ્યાત્મિક જગતનો પાયો છે પવિત્રતા માતા છે સુખ, શાંતિ, આનંદ, પ્રેમ તેના બાળકો છે. પવિત્રતા બ્રાહ્મણ જીવનનો શ્વાસ છે, માટે હર પળ સતત જાગૃત રહેવું ફરજિયાત છે. પવિત્રતાની ધારણા કરવાથી અનેક જન્મોના પાપો ભસ્મ થાય છે, ત્યારે થાક દૂર થાય છે. જ્યાં પવિત્રતા છે ત્યાં જ સુખ, શાંતિ, સંતોષ છે.

પવિત્રતાના બળ વડે રામરાજ્યની સ્થાપના કરી શકાય છે, તમોપ્રધાનથી સતોપ્રધાન બની શકાય છે. પવિત્રતાના મંત્રને જીવનમાં ચરિતાર્થ કરવાથી નિરોગી, તંદુરસ્ત, કંચન જેવી કાયા બને છે આવું દિવ્ય જીવન કોને પસંદ ના હોય ? ભાગ્યશાળી, પુણ્યશાળી બનવાનું ભાગ્ય કોને ના ગમે. પવિત્રતાના બળ વડે આયુષ્ય પણ વધારી શકાય છે આ શ્રદ્ધાનો સવાલ છે ‘ શ્રદ્ધા જ મારી લઈ ગઈ મને મંઝિલ સુધી કે રસ્તો ભૂલી ગયો તો દિશાઓ બદલાઈ ગઈ.’

દુનિયામાં વર્તમાન સમયે ચારે તરફ અપવિત્રતાનો પ્રકોપ છે ત્યારે પવિત્રતાની ધારણા માટે અંતરમુખી બની બુદ્ધિમાં એક શિવ બાબા શિવાય કોઈ જ નહીં, એકને યાદ કરી વિકર્મ વિનાશ કરી સંપૂર્ણ પાવન બનવાનું છે શિવ પિતાના જ્ઞાન વડે જ સ્વરૂપ શક્ય બની શકે છે. સમગ્ર વિશ્વમાં પવિત્રતાના સ્તંભ ઉપર જ આ સૃષ્ટિ સમતોલનમાં ટકી રહેલ છે.

અંજની પુત્ર મહાવીર હનુમાન, સ્વામી વિવેકાનંદ, ભારત માતાની અનેકાનેક મહાન વિભૂતિઓએ વર્ષોથી જગતગુરુ શંકરાચાર્ય, મહા મંડલેશ્વરો, સાધુ - સંતો મહંતો, પોતાના જીવનમાં પવિત્રતાના ગુણને ચરિતાર્થ કરતા આવ્યા છે જેની આજે પણ ભક્તિ માર્ગમાં પૂજા થઈ રહી છે.

ધરતી માતા થંભી છે. પાંચ વિકાર માનવીના દુશ્મન છે. ભારત સંપૂર્ણ સંપન્ન દેશ હતો તેનું ધનોત-પનોત કાઢનાર, ભારતને કંગાળ-ગરીબ બનાવનાર પાંચ વિકારો છે - કામ, ક્રોધ, લોભ, મોહ, અહંકાર. આજ અપવિત્રતાના સ્વરૂપો છે ‘જબ છોડેંગે પાંચ વિકાર તભી મીટેગા ભ્રષ્ટાચાર.’

રામરાજ્ય એ પવિત્રતાનું પ્રતીક છે. રાવણ રાજ્ય અપવિત્રતાનું પ્રતીક છે. સંસારમાં વિકારોની અગ્નિ બુજાવનાર ફાયર બ્રિગેડ બની પવિત્રતા, શાંતિની શક્તિરૂપી અમૃત વડે આ અગ્નિને બુજાવાની છે ત્યારે જ બેડો પાર થશે.

કન્યા કુમારી હોય ત્યારે પવિત્ર ગણવામાં આવે છે. તેના દ્વારા શુભ કાર્ય કરવામાં આવે છે ધાર્મિક વિધિઓમાં કુમારીનું મહત્વ વિશેષ છે. મૂળ કારણ કુમારી નિર્વિકારી પવિત્ર છે પવિત્રતા અપનાવો સર્વ સુખ પામો શિવ પિતાનો સંદેશ છે - પવિત્ર બનો, યોગી બનો. બનો મહાન, કરો કલ્યાણ.

પવિત્રતાના સાગર સત્યમ શિવમ સુન્દરમના જ્ઞાન સ્વરૂપ બનીએ પરમપિતા પરમાત્મા શિવે સ્થાપના કરેલ રાજસ્વ અશ્વ મેઘ અવિનાશી રુદ્ર ગીતા જ્ઞાન યજ્ઞની સ્થાપના કરવામાં આવેલ છે, તેમાં પ્રકૃતિના પાંચ તત્વો સહિત સર્વ આહુતિઓ પડે છે ત્યારે સમગ્ર સંસાર સ્વર્ણિમ ભારત કહેવાશે. પુનઃ પાવન બનશે.

**॥ ઓમ શાંતિ ॥**

બ્રહ્માકુમારી વિદ્યાલયનો ઈતિહાસ જાણવા માટે અને પ્રજાપિતા બ્રહ્માની જીવન કહાની જોવા માટે હિન્દી ફિલ્મ **‘ભાગ્ય વિધાતા’** અવશ્ય જુઓ. હવે youtube ઉપર ફ્રી જોઈ શકો છો. બ્રહ્માકુમારી ફિલ્મ **‘Bhagya Vidhata’** લખીને સર્ચ કરવું. અથવા QR Code સ્કેન કરશો તો પણ **‘ભાગ્ય-વિધાતા’** ફિલ્મ ખુલશે.

# રમતગમતમાં નૈતિકતા અને આધ્યાત્મિકતા

બ્ર.કુ. સમરજીતભાઈ, શાંતિવન, આબુ રોડ, રાજસ્થાન

છેલ્લા લેખમાં આપણે રમતોમાં 'ફ્લો સ્ટેટ' અને માનસિક સમાધિના અદ્‌ભુત સામંજસ્યને સમજ્યું, જેણે ખેલાડીઓના પ્રદર્શનને એક નવી ઊંચાઈ પ્રદાન કરી. હવે આપણે આપણી ચર્ચાને શરીરની સૂક્ષ્મ ઊર્જા અને વૈશ્વિક પુનરુત્થાન તરફ લઈ જઈશું, જ્યાં રાજયોગ શારીરિક રિકવરી અને વિશ્વ શાંતિનો આધાર બનીને ઉભરી રહ્યો છે.

**Chapter - 5**

## શારીરિક સ્વાસ્થ્ય અને ઊર્જાનું સૂક્ષ્મ પ્રબંધન

ભારતીય આધ્યાત્મિક વિજ્ઞાન અને રાજયોગની ગહનતા એ સ્પષ્ટ કરે છે કે આ તકનીકો માત્ર માનસિક શાંતિ સુધી સીમિત નથી, પરંતુ શરીરની સૂક્ષ્મ ઊર્જા અને ભૌતિક સ્વાસ્થ્યના પ્રબંધનમાં પણ ક્રાંતિકારી ભૂમિકા ભજવે છે. રમત જગતમાં જ્યાં આજે બધું ધ્યાન માત્ર બહારની માંસપેશીઓના પ્રશિક્ષણ પર છે, ત્યાં જ ભારતીય દર્શન શરીરની અંદર પ્રવાહિત થનારી 'પ્રાણ ઊર્જા' (Prana)ના સૂક્ષ્મ વિજ્ઞાનને સર્વોપરી માને છે. એક ખેલાડીનું પ્રદર્શન માત્ર તેના ખાન-પાન પર નહીં, પરંતુ એ વાત પર નિર્ભર કરે છે કે તે પોતાની આંતરિક ઊર્જાનો સંચય અને ઉપયોગ કઈ રીતે કરે છે. રાજયોગના અભ્યાસથી ખેલાડી પોતાની આ પ્રાણશક્તિને વ્યર્થ નષ્ટ થતી બચાવીને તેને પોતાના લક્ષ્ય તરફ કેન્દ્રિત કરતા શીખે છે.

શારીરિક સ્વાસ્થ્યના ક્ષેત્રમાં રાજયોગનું સૌથી મહત્વપૂર્ણ યોગદાન 'રિકવરી' (Recovery)ની પ્રક્રિયામાં જોઈ શકાય છે. આધુનિક રમત વિજ્ઞાન પણ એ માને છે કે પ્રદર્શન કરતા ક્યાંય વધુ મહત્વપૂર્ણ તે સમય છે, જેમાં શરીર અભ્યાસ પછી પોતાની જાતને ફરી તૈયાર કરે છે. રાજયોગના માધ્યમથી પ્રાપ્ત થતો 'ગહન વિશ્રામ' (Deep Relaxation) સામાન્ય ઊંઘ કે આરામ કરતા ક્યાંય વધુ પ્રભાવશાળી હોય છે. જ્યારે એક ખેલાડી ધ્યાનની અવસ્થામાં પોતાના મગજને શાંત કરે છે, તો તેના શરીરની **'પેરાસિમ્પેથેટિક નર્વસ સિસ્ટમ'** સક્રિય થઈ જાય છે, જે શારીરિક ઘા ભરવાની અને માંસપેશીઓનો થાક મીટાવવાની ગતિને બમણી કરી દે છે. શાંત મનની અવસ્થામાં શરીરની અંદર સકારાત્મક રસાયણો અને હોર્મોન્સનો સ્ત્રાવ થાય છે, જેનાથી ઈજા થવાની શક્યતા ઓછી થઈ જાય છે અને જો ઈજા થઈ પણ જાય, તો રિકવરીની પ્રક્રિયા ખૂબ તીવ્ર થઈ જાય છે. આ 'યોગિક વિશ્રામ' ખેલાડીને આગામી મુકાબલા માટે સંપૂર્ણપણે તરોતાજા અને ઊર્જાવાન બનાવી દે છે.

આ ઉપરાંત, આધ્યાત્મિકતાનો માર્ગ ખેલાડીઓને 'વ્યસન મુક્તિ' અને એક ગરિમાપૂર્ણ જીવનશૈલી તરફ લઈ જાય છે. આજના અત્યંત પ્રતિસ્પર્ધી અને ગ્લેમરથી ભરેલા રમત જગતમાં, સફળતાના ભારે દબાણ અને નિષ્ફળતાઓના અવસાદથી બચવા માટે ખેલાડીઓ અવારનવાર નશીલા પદાર્થો, ડોપિંગ કે અન્ય હાનિકારક આદતોનો સહારો લેવા લાગે છે. આ વ્યસનો ન માત્ર તેમની કારકિર્દીને ટૂંકી કરી દે છે, પરંતુ તેમના શારીરિક અને માનસિક તંત્રને કાયમી રૂપે નષ્ટ કરી દે છે. અહીં રાજયોગ એક 'સુરક્ષા કવચ' ની જેમ કાર્ય કરે છે. જ્યારે

ખેલાડીને યોગના માધ્યમથી આંતરિક આનંદ અને 'સ્વમાન'ની અનુભૂતિ થવા લાગે છે, તો તેને બાહ્ય કૃત્રિમ ઉત્તેજકોની આવશ્યકતા રહેતી નથી.

આધ્યાત્મિક જાગૃતિ ખેલાડીની અંદર એક સાત્વિક જીવનશૈલીને જન્મ આપે છે, જે એક લાંબી અને સફળ કારકિર્દી માટે અનિવાર્ય શરત છે. શુદ્ધ આહાર, સાત્વિક વિચાર અને નિયમિત દિનચર્યા તેના શરીરની રોગપ્રતિકારક ક્ષમતાને વધારે છે. રાજયોગ તેને શીખવે છે કે તેનું શરીર એક 'પવિત્ર અમાનત' છે, જેની રક્ષા કરવી એ તેનું આધ્યાત્મિક કર્તવ્ય છે. આ બોધ તેને અનુશાસનની પરાકાષ્ઠા પર લઈ જાય છે, જ્યાં તે પ્રલોભનોથી મુક્ત થઈને પોતાની પૂરી એકાગ્રતા રમતની કળાને નિખારવામાં લગાવે છે. આ પ્રકારે, રાજયોગ ન માત્ર ખેલાડીના પ્રદર્શનને નવી ઊંચાઈઓ પર લઈ જાય છે, પરંતુ તેને એક દીર્ઘાયુ અને સ્વસ્થ જીવનનું વરદાન પણ આપે છે. અંતે, જ્યારે શારીરિક બળને આધ્યાત્મિક ઊર્જાનો સાથ મળે છે, તો તે ખેલાડી ન માત્ર મેદાનનો વિજેતા બને છે, પરંતુ પોતાની જીવની શક્તિનો સાચો સ્વામી પણ બની જાય છે.

## વૈશ્વિક મંચ પર ભારતીય વિરાસતનું પુનરુત્થાનઃ

વર્તમાન વૈશ્વિક પરિદ્રશ્યમાં ભારતીય રમત વિરાસત અને આધ્યાત્મિક દર્શનનું પુનરુત્થાન એક ઐતિહાસિક મોડ પર છે. આજે જ્યારે આપણે પશ્ચિમ તરફ જોઈએ છીએ, તો જણાય છે કે આધુનિક રમત વિજ્ઞાન જે 'માઈન્ડફુલનેસ' અને 'મેન્ટલ કન્ડિશનિંગ'ને પોતાની સૌથી મોટી શોધ બતાવી રહ્યું છે, તે વાસ્તવમાં ભારતની પ્રાચીન ધ્યાન વિધિઓનું જ એક આધુનિક સ્વરૂપ છે. દુનિયાભરની પ્રતિષ્ઠિત સ્પોર્ટ્સ એકેડમીઓ, જે કાલ સુધી માત્ર ટેકનિક અને ડેટા પર નિર્ભર હતી, હવે પોતાના પાઠ્યક્રમમાં 'મેડિટેશન' અને 'યોગ'ને એક અનિવાર્ય હિસ્સો બનાવી રહી છે. આ એ વાતનો વૈશ્વિક સ્વીકાર છે કે ખેલાડીની અસલી શક્તિ તેની માંસપેશીઓમાં નહીં, પરંતુ તેના શાંત અને કેન્દ્રિત મનમાં નિવાસ કરે છે. ભારતની આ મહાન વિરાસત આજે 'સોફ્ટ પાવર' ના રૂપમાં વિશ્વપટલ પર છાઈ રહી છે, જે આધુનિક એથ્લીટ્સને તેમના સર્વશ્રેષ્ઠ સ્વરૂપથી પરિચિત કરાવી રહી છે.

જ્યારે એક ખેલાડી રાજયોગને પોતાની જીવનશૈલીનો હિસ્સો બનાવે છે, તો તેના રમતના પ્રદર્શનમાં એક અલૌકિક 'દિવ્યતા'નો સમાવેશ થાય છે. પરંપરાગત રીતે રમતોને અવારનવાર 'વિના શસ્ત્રોના યુદ્ધ'ના રૂપમાં જોવામાં આવતી રહી છે, જ્યાં પ્રતિદ્વંદ્વીને હરાવવો એ જ એકમાત્ર લક્ષ્ય હોય છે. પરંતુ રાજયોગ આ દૃષ્ટિકોણમાં એક ક્રાંતિકારી પરિવર્તન લાવે છે. રાજયોગથી સુસજ્જિત ખેલાડી મેદાન પર 'પ્રતિશોધ' કે 'ઘૃણા'ની ભાવનાથી નહીં, પરંતુ 'સદ્ભાવના' અને 'વિશ્વ બંધુત્વ'ના પવિત્ર ભાવથી ઉતરે છે. તે સમજે છે કે તેનો પ્રતિદ્વંદ્વી તેનો શત્રુ નહીં, પરંતુ તેના કૌશલ્યને નિખારવામાં સહયોગી એક 'ચૈતન્ય આત્મા' છે. આ આધ્યાત્મિક દૃષ્ટિકોણ રમતના મેદાનની આખી ઊર્જાને જ બદલી દે છે. જ્યાં પહેલા તણાવ અને શત્રુતાનું વાતાવરણ હતું, ત્યાં હવે સન્માન અને પ્રેમનો સંચાર થવા લાગે છે. આ પ્રકારે, રમતના મેદાન 'યુદ્ધના મેદાન' ન રહીને 'પ્રેમ અને સદ્ભાવનાના સંગમ' બને છે.

એક રાજયોગી ખેલાડી વાસ્તવમાં મેદાન પર 'વિશ્વ શાંતિનો દૂત' બનીને કાર્ય કરે છે. તેની શાંતિપૂર્ણ ઉપસ્થિતિ અને મર્યાદિત આચરણ ન માત્ર ટીમના સાથીઓને પ્રેરિત કરે છે, પરંતુ

કરોડો દર્શકોના મનમાં પણ શાંતિના પ્રકંપન ફેલાવે છે. જ્યારે એક વૈશ્વિક મંચ પર ખેલાડી પોતાની હારને ગરિમા સાથે સ્વીકારે છે અને જીતને વિનમ્રતા સાથે પરમાત્માને સમર્પિત કરે છે, તો તે રમત જગતમાં નૈતિકતાના નવા ધોરણ સ્થાપિત કરે છે. આ આધ્યાત્મિક શક્તિ જ તેને ‘મેચ ફિક્સિંગ’ અને ‘સ્લેજિંગ’ જેવી બુરાઈઓથી મુક્ત રાખે છે. તે પદક જીતવાની સાથે-સાથે લોકોનું દિલ જીતવાનું પણ જાણે છે.

આજે વિશ્વ સ્તર પર ભારતની આ વિરાસતનું પુનરુત્થાન માત્ર રમતો સુધી સીમિત નથી, પરંતુ તે સંપૂર્ણ માનવતાના કલ્યાણનો માર્ગ પ્રશસ્ત કરી રહ્યો છે. રાજયોગના માધ્યમથી ખેલાડી પોતાની આંતરિક સહનશક્તિ, નિર્ણય શક્તિ અને સામનો કરવાની શક્તિને જાગૃત કરે છે. જ્યારે આ શક્તિઓ રમતના કૌશલ્ય સાથે મળે છે, તો તે ખેલાડી એક **‘રોલ મોડલ’** બની જાય છે, જેને જોઈને આવનારી પેઢીઓ ન માત્ર એક સારા એથ્લીટ બનવા ઈચ્છે છે, પરંતુ એક સારા ઈન્સાન બનવાની પ્રેરણા પણ મેળવે છે. આ પ્રકારે, ભારતીય ધ્યાન પદ્ધતિઓ આધુનિક રમત જગતને તેની ખોવાયેલી ગરિમા પાછી લાવી રહી છે અને એ સિદ્ધ કરી રહી છે કે ભૌતિક સફળતા અને આધ્યાત્મિક શાંતિનો સમન્વય જ માનવ જીવનનું વાસ્તવિક લક્ષ્ય છે. આ વૈશ્વિક ક્રાંતિ આવનારા સમયમાં રમતોને સ્વાર્થથી ઉપર ઉઠાવીને પરમાર્થ અને શાંતિના એક વૈશ્વિક ઉત્સવના રૂપમાં પ્રતિષ્ઠિત કરશે.

## સ્વર્ણિમ યુગ તરફ

આજે આધુનિક રમત જગત એક એવા નિર્ણાયક વળાંક પર ઊભું છે, જ્યાં માત્ર ભૌતિક તકનીક અને શારીરિક શક્તિ સફળતા માટે પર્યાપ્ત નથી. આજના તણાવપૂર્ણ અને પ્રતિસ્પર્ધી વાતાવરણમાં એક એવી **‘આંતરિક તકનીક’**ની મહત્તમ આવશ્યકતા છે, જે ખેલાડીને બાહ્ય શોરથી કાપીને તેના અંતર્મનની અસીમ શક્તિઓ સાથે જોડી શકે. રાજયોગ અને ભારતીય આધ્યાત્મિક મૂલ્યો આ જ રિક્તતાને (ખાલીપણાને) ભરી રહ્યા છે. ઈતિહાસ સાક્ષી છે કે જ્યાં મૌર્ય કાળે રમતોને **‘શક્તિ અને અનુશાસન’** આપ્યું, ત્યાં જ ગુપ્ત કાળે તેમને **‘આધ્યાત્મિક શાંતિ’**થી નવાજ્યા. આજે તે જ વિરાસતને બ્રહ્માકુમારીઝ જેવી સંસ્થાઓ પોતાના **‘સ્પોર્ટ્સ વિંગ’**ના માધ્યમથી વૈશ્વિક પટલ પર પુનર્જીવિત કરી રહી છે.

બ્રહ્માકુમારીઝના સ્પોર્ટ્સ વિંગ દ્વારા ખેલાડીઓ માટે કરવામાં આવી રહેલા વિશેષ પ્રયાસો, જેવા કે **‘એકાગ્રતા શિબિર’** અને **‘તણાવ-મુક્ત રમત કાર્યશાળાઓ’**, એથ્લીટોને આત્મ-સાક્ષાત્કાર અને પરમાત્મા પાસેથી શક્તિ લેવાની વિધિ શીખવી રહ્યા છે. આ પ્રયાસોનું પરિણામ છે કે આજે ખેલાડીઓ પદકની આંધળી દોડથી ઉપર ઉઠીને માનસિક સ્થિરતા પ્રાપ્ત કરી રહ્યા છે. આવનારો સમય ચોક્કસપણે તે ખેલાડીનો હશે જે શારીરિક રૂપે એક **‘યોદ્ધા’** હોય અને માનસિક રૂપે એક **‘યોગી’**. જ્યારે રમત કૌશલ્ય અને આધ્યાત્મિકતાનો આ પવિત્ર સંગમ થશે, ત્યારે જ આપણે એક એવા સમાજનું નિર્માણ કરી શકીશું જે ન માત્ર રેકોર્ડ તોડશે, પરંતુ માનવીય ગરિમા અને શાંતિના નવા કીર્તિમાન સ્થાપિત કરશે. આ જ તે **‘વૈશ્વિક ક્રાંતિ’** છે જેની શરૂઆત થઈ ચૂકી છે અને ભારત આમાં **‘વિશ્વગુરુ’**ના રૂપમાં માનવતાને એક નવી દિશા પ્રદાન કરી રહ્યું છે.

## સંગમયુગી બ્રાહ્મણોનું કર્તવ્ય

સંગમયુગી બ્રાહ્મણ આત્માઓ માટે આ

સંપૂર્ણ સૃષ્ટિ એક **'બેહદની રમત'** છે અને આપણે સૌ આ ઈશ્વરીય રમતના મુખ્ય ખેલાડીઓ છીએ. શિવબાબાએ આપણને આ આદિ-મધ્ય-અંતનું જ્ઞાન આપ્યું છે કે આ વિશ્વ રંગમંચ પર ચાલી રહેલું દરેક દ્રશ્ય પૂર્વનિર્ધારિત (Fixed) છે, જ્યાં આપણે **'સાક્ષી દ્રષ્ટા'** થઈને પોતાનો પાર્ટ શ્રેષ્ઠ રીતે ભજવવાનો છે. એક આધ્યાત્મિક ખેલાડીના રૂપમાં આપણું આ પ્રાથમિક કર્તવ્ય છે કે આપણે જીવનની આ રમતના દરેક ઉતાર-ચઢાવમાં **'અચલ-અડોલ'** અને એકરસ સ્થિતિમાં રહીએ. જે પ્રકારે એક કુશળ ખેલાડી રમત દરમિયાન હાર-જીતના દ્વંદ્વથી પ્રભાવિત થયા વગર પોતાનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કરે છે, તેમ આપણે પણ કર્મક્ષેત્ર પર માયાના વિઘ્નોથી ગભરાવાને બદલે તેમને એક **'રમત'** સમજીને સહજતાથી પાર કરવાના છે.

બાબા આપણને નિરંતર સ્મૃતિ અપાવે છે કે આપણે સાધારણ ખેલાડી નથી, પરંતુ **'માસ્ટર સર્વશક્તિમાન'** છીએ, જેમને સ્વયં ભગવાન (Supreme Coach) પ્રશિક્ષિત કરી રહ્યા છે. આપણી સેવા માત્ર વાણી સુધી સીમિત નથી; આપણા ચહેરાની રૂહાની શાંતિ અને **'હર્ષિતમુખતા'** જ તે જીવંત સંદેશ છે, જે વિશ્વના થાકેલા અને હતાશ ખેલાડીઓમાં નવી ઉમંગ અને ઉત્સાહનો સંચાર કરી શકે છે. જ્યારે આપણે સ્વયંને **'નિમિત્ત'** સમજીને **'કરનકરાવનહાર'**ની સ્મૃતિમાં દરેક કર્મ કરીએ છીએ, તો આપણા શુદ્ધ સંકલ્પોના વાઈબ્રેશન્સ તે આત્માઓ સુધી મલમ બનીને પહોંચે છે, જે આ જીવન-રમતધાર્મિક સંઘર્ષોમાં સ્વયંને હારેલી અનુભવી રહી છે.

તેથી આપણું આ ઈશ્વરીય ઉત્તરદાયિત્વ છે કે આપણે પોતાની સ્થિતિ અને આચરણ દ્વારા આખા વિશ્વની ખેલાડી આત્માઓને એ શુભ સંદેશ આપીએ કે સ્વયં પરમાત્મા આ ધરા પર અવતરિત થઈને આ બેહદની રમત્તનું સત્ય જ્ઞાન આપી રહ્યા છે. વર્તમાનમાં આ રમત્તની **'અંતિમ ઈનિંગ'** ચાલી રહી છે. આ ઈનિંગ પૂર્ણ થતા જ આ મહા-રમતગમતના વિજેતાઓની ઘોષણા થશે અને એક નવી સુખદ રમત (સતયુગ) નો આરંભ થશે. આ સંદેશ આપવો જ આપણું સૌથી મોટું ઈશ્વરીય કર્તવ્ય છે કે સમય બહુ ઓછો છે અને પોતાની તૈયારી પૂર્ણ કરવાની આ જ સ્વર્ણિમ તક છે.

તમને પૂર્ણ વિશ્વાસ છે કે રમત જગત પર આધારિત આ જ્ઞાનવર્ધક લેખ-શૃંખલા વાચકો માટે જાણકારીપૂર્ણ અને રુચિકર સિદ્ધ થશે. ખેલ પ્રભાગની સેવાઓ હેતુ સમર્પિત આ પ્રયાસ ખેલાડીઓના સર્વાંગી વિકાસમાં અવશ્યપણે સહાયક બનશે. આભાર. **॥ઓમ શાંતિ॥**

## નવી કોલમની શરૂઆત

# 'વાચકોના પ્રતિભાવ'

દૈવી બી.કે. બહેનો, જ્ઞાનામૃતના સૌ વાચકો, ચાહકો અને સભ્યોને જણાવવાનું કે, જ્ઞાનામૃતમાં નવી કોલમ **'વાચકોના પ્રતિભાવો'** શરૂ કરી છે.

આપ સૌ વાચકો જ્ઞાનામૃતના જુદા જુદા અંકોમાં પ્રકાશિત થતા વિવિધ લેખો, લેખોની ગુણવત્તા, વિવિધતા, ભાષા કે અન્ય સામગ્રી, ફોટા, લખાણ, કવરપેજ, ડિઝાઈન કે અન્ય કોઈ નવીન બાબતો અંગે પણ આપના અમૂલ્ય પ્રતિભાવો, સૂચનો ગુજરાતી જ્ઞાનામૃતના

**ઈ-મેલ gyanamrit.guj@gmail.com**

અથવા **whatsapp - 94267 08448**

ઉપર અવશ્ય મોકલશો. તે અમે સહર્ષ સ્વીકારીશું. પ્રતિભાવો વાચકોના નામ, વિશિષ્ટ હોદ્દો હોય તો હોદ્દા સાથે, શહેર અથવા ગામના નામ સાથે આવનારા અંકોમાં સ્થાન આપીશું.

## બાળસરિતા

# જીવન દર્શન

બ્ર.કુ. અનુબેન, રાજુલા

ચાલો વાર્તા કરીએ

પ્રાચીન સમયની વાત છે. એક ખૂબ જ્ઞાની, સમજુ, શાંત અને ગુણોથી ભરેલા અને વ્યવહારુ સ્વામીજી હતા. તેઓએ ઘણા શિષ્યો બનાવ્યા ન હતા. ૪ શિષ્યો કાયમ સાથે રહીને બધે જતાં. સ્વામીજીનું કહેવું હતું, ‘સમાજમાં જ્ઞાનનો પ્રચાર કરવો, કે પ્રભુધ્યાન, યોગ માટે ઘર-ગૃહસ્થ છોડવો કે સગા-સંબંધી છોડવા, ધંધો-રોજગાર ત્યાગ કરવાની જરૂર નથી. પરંતુ સમાજની વચ્ચે રહીને સંસારિક સંબંધો વચ્ચે રહીને, જીવનમાં ગ્રહણ કરી, જીવન જીવતા શીખવવું. લોકોમાં શક્તિનો સંચાર થાય, જ્ઞાન વધે અને સમાજમાં સુખાકારી વધે તેવું શીખવવાની ઘણી હોશ હતી.’ શિષ્યો ગામે-ગામ જતાં અને ગુરુના વચનોનો જ્ઞાનનો પ્રચાર કરતાં.

આ બધામાં ગુરુજીએ બોધ માટે એક મોટો કુંજો મંગાવ્યો. મોટા શિષ્યને કહ્યું આને ભરી દો. અલગ-અલગ વસ્તુઓથી બધા શિષ્યો ભરી દે. મોટો શિષ્ય ઉપડ્યો. તુરંત મોટા-મોટા પથ્થર લઈને થોડાક પથ્થરથી કુંજો ઉપર સુધી ભરાઈ ગયો. ત્યારબાદ બીજો વારો બીજા શિષ્યનો આવ્યો. ગુરુજીએ આદેશ આપ્યો કે મોટા-મોટા પથ્થર આડા-અવળા ઉપર સુધી હતા, બીજાએ વિચાર્યું કે થોડાક નાના પથ્થર લઉં. તેણે પણ નાના પથ્થરથી કુંજો ભરી દીધો. બંને શિષ્યો ખુશ થવા લાગ્યા કે અમે કામ કરી દીધું. ત્રીજાનો નંબર આવ્યો તેણે વિચાર્યું અરે, આ મોટા-નાના પથ્થરમાં થોડીક જગ્યાઓ છે. તેણે નદીની રેતી લાવીને નાંખી. તેણે તેમ કર્યું થોડીક તે પણ સમાઈ ગઈ. કુંજો ઉપર સુધી ભરાયો. ત્રણેય ખુશ થઈ ગયા કે આ ચોથો શિષ્ય નાનો શિષ્ય ગુરુનો પ્રિય શિષ્ય, આજે કાંઈ કામનો નહીં રહે. હવે જગ્યા તો છે નહીં. મનમાં ને મનમાં ત્રણેય શિષ્યો હરખાવા લાગ્યા. ગુરુજીએ ચોથાને આદેશ કર્યો કે તારે આમાં કાંઈ ભરવું છે? ગુરુજીને નાના શિષ્યની બુદ્ધિ પર, ક્ષમતા પર ગર્વ હતો, પ્રેમ હતો. તેણે આદેશ આપ્યો કે જા, તું કંઈક વિચાર.

મોટા ત્રણ શિષ્યો તો વિચારવા લાગ્યા કે અમે કરી દીધું, હવે કાંઈ વધ્યું જ નથી. આ શું કરવાનો? ગુરુજી અમારા પર જ પ્રસન્ન થઈ જશે. આશીર્વાદ, વરદાન, કૃપા અમારા પર કરશે. અમે ત્રણેય હવે તો ગુરુજીની કૃપા દ્રષ્ટિમાં હોઈશું. પરંતુ ગુરુજીએ તો ચોથા શિષ્યને આદેશ આપ્યો, ‘જા આજુ-બાજુ કાંઈ દેખાય, આ કુંજામાં સમાઈ શકે તેવું લઈ આવ.’

ચોથો નાનો શિષ્ય વિચારવા લાગ્યો, શું કરવું ? ત્યાં તો એક પનીહારી સ્ત્રી કુવાથી પાણી ભરીને આવતી હતી. માથા પર હેલ, બે ઘડા અને એક નાનો ઘડો કમરમાં ભરેલો હતો. ચાલતાં ચાલતાં ઘડામાંથી જરાક પાણી જમીન પર પડ્યું અને જમીનની માટી ધોવાઈ ગઈ, ખાડો પડ્યો. ચોથા શિષ્યએ આ જોયું અને મનમાં વીજળીના પ્રકાશનો ચમકારો થઈ ગયો. વિચાર્યું ‘અરે આ હું ભૂલ્યો...’ અને દોટ મૂકી. પાણીના કુવા તરફ, તરત કુવા તરફ દોડ્યો. કુવામાંથી પાણી ભર્યું; પેલા ત્રણ શિષ્યો હસવા લાગ્યા, ‘આ મૂર્ખ શું જાણે

કુંજો તો પૂરો ભરેલ છે.' પણ નાનો શિષ્ય મક્કમ મનથી, નિડરપણે અને આત્મવિશ્વાસથી, ગુરુજીને વંદન કરી કૃપાદ્રષ્ટિ મેળવી ધીરે ધીરે પાણી કુંજામાં ઉમેરવા લાગ્યો. ચમત્કાર, લાવેલું બધું પાણી સમાઈ ગયું. પથ્થર, રેતી દબાઈ ગયાં.

કુંજો પૂરો પાણીથી ઉપર સુધી છલકાયો. ઉપર સુધી પાણી દેખાવા લાગ્યું. ગુરુજીને આ દ્રશ્યની ખબર હતી તેમણે તરત જ આદેશ આપ્યો. 'આવો બધા મારા પ્રિય શિષ્યો, પેલા સુંદર ઝાડની નીચે તમને આધ્યાત્મિક રહસ્ય બતાવું.'

સહુ ગયા. ઝાડ નીચે બેઠા. શિષ્યો વિચારવા લાગ્યા 'આમાં આધ્યાત્મિક રહસ્ય શું હશે..?'

ત્યાં ગુરુજી બોલ્યા, 'વત્સો, અહીં આવો. જુઓ આ મોટો કુંજો એટલે આપણું જીવન - જેમાં જન્મ્યા ત્યારથી સગા-સંબંધી સાથે કરેલા કર્મોથી, દેહથી કરેલા કર્મોથી જીવનરૂપી કુંજો ભરાઈ ગયો. વળી ધંધા-રોજગાર, પરિવારના નાના-નાના પ્રશ્નોથી આ કુંજામાં મોટા પ્રશ્નોમાં નાના-નાના પ્રશ્નો, સહયોગી સાથીઓથી કરેલા કર્મોની પ્રસાદી રૂપી પ્રશ્નોથી કુંજો ભરાઇ ગયો.

વિચારવા લાગ્યાં, ક્યાં સમય છે. ધંધા, ઘર, રોજગાર, વ્યવસાય - સંસારમાં સમય નથી, ફુરસદ નથી, ક્યાં ભગવાન, ઈશ્વરને યાદ કરવા, અને તેમાંય આધ્યાત્મિક માર્ગમાં ચાલવા તો ઘર, ઘાટ, વ્યવસાય, સંસાર બધુ છોડીએ તો જ થાય, પણ છેલ્લા નાના શિષ્ય દ્વારા સાબિતથયું કે આ બધામાં જીવનમાં આધ્યા-ત્મિકતાનું પાણી ઉમેરો તો અને કર્મ તથા યોગ, વ્યવહાર અને પરમાર્થ બંનેનો સમન્વય કરી શકાય, અને આધ્યાત્મિકતા જ્ઞાનપાણી ઉપર લાવી શકાય. આજે બધા પોતાના નિજી જીવનના બંધનોમાં ફસાયેલા છીએ તેમ સમજીએ છીએ પણ આ આ જ્ઞાનરૂપી ગંગા (પાણી) ને જે શક્તિ છે કે જે મોટા નાના ગમે તે સ્થળે જગ્યા કરી દેશે. માટે એવું ના સમજવું કે અમારે અમારા કામમાંથી, અમારા વ્યવહારથી અમારા સંસારમાં ક્યાંય જગ્યા નથી ફુરસદ નથી તો તમે જાઓ અને સમાજના લોકોને સમજાવો કે ઘરમા, ગામમાં, કામમાં પરોવાઈને પણ આ આધ્યાત્મિકતાને જીવનમાં લાવો. એમ ના કહો શક્તિ નથી, સમય નથી, શક્ય નથી. બસ સમજણ નથી. પણ આ ઘટના એ તમારા બધાની દ્રષ્ટિ, અને સમાજની દ્રષ્ટિ ખોલવાની છે કે ઇશ્વરીય જ્ઞાન, આધ્યાત્મિક જ્ઞાન (પાણી) બધા કાર્યો વચ્ચે, બધા પ્રશ્નો વચ્ચે, બધા વ્યવહારો વચ્ચે પણ કરી શકાય છે. તો ચાલો જિજ્ઞાસુ... જ્ઞાનપિપાસુ, સહું ઘરગૃહસ્થમાં, કામકાજમાં, વ્યવહારમાં રહીને જ્ઞાન અર્જન કરીએ અને જીવનમાં લાવીએ. આવો સુંદર બોધપાઠ આપો, અને સદ્‌ગુરુ શિષ્યોની સામે હસતા હસતા ગંભીર મુદ્રામાં સંસારને બોધ આપ્યો.

'સંસારમાં સરસો રહે અને મન મારી પાસ.'

**બોધપાઠ -**જીવન કુંભમાં સગા-સંબંધીની યાદો રૂપી પથ્થર, કુટુંબિક, સામાજીક, વ્યવહારુ યાદો, પ્રશ્નોના નાના પથ્થર, અને પોતાની દેહની વ્યવહારની નાની-નાની સ્મૃતિઓ વચ્ચે રહીને પણ પરમાત્મ- જ્ઞાનગંગાનો સમાવેશ કરી શકાય છે. તો જ જીવન જ્ઞાન કુંભમાં જ્ઞાનગંગાથી પ્રશ્નો, સમસ્યાઓ વચ્ચે પણ જ્ઞાન સ્મરણ કરી શકીએ છીએ. અને સાંસારિક, વ્યવહારિક અને કૌટુંબિક બધા પ્રશ્નો આ જ્ઞાનગંગા થી સમાપ્ત થઈ શકે અને એમાં જ આપણું ખરું જીવન-દર્શન સમાયેલ છે. ચાલો બાળકો, હવે ફરીથી મળીશું...

**॥ ઓમ શાંતિ ॥**

### જ્ઞાન પરબ

# સ્વમાન

બ્ર.કુ. જગદીશભાઈ, ઈસનપુર, અમદાવાદ

સ્વમાન શબ્દનો અર્થ થાય છે, સ્વ એટલે પોતે (આત્મા) અને માન એટલે સન્માન, (ગૌરવ) પોતે જ પોતાને માન આપવું, વાહ રે હું, હું કોણ? આત્મિક અને દિવ્ય રૂપમાં આત્માને સ્થિત કરવો, જેને અંગ્રેજીમાં સેલ્ફ-રિસ્પેક્ટ કહેવામાં આવે છે. આપણે ઘણીવાર સાંભળીએ છીએ કે, મારે કંઈ માન સન્માન જેવું હોય કે નહીં? અપમાનને કારણે ઘણીવાર માનહાનિ થાય છે. ભગવાન આપણને મુરલીમાં અનેક વિશેષણોથી નવાજે છે, તેને આત્મા દિલથી સ્વીકારે, તેની અવહેલના ન કરે, બુદ્ધિ તેનો સ્વીકાર કરે. આ વિશેષતાઓને ધારણ કરવાથી સ્વમાનમાં ટકી શકાય છે. બાપદાદાની મહિમા એ જ આપણું સ્વમાન છે. દાખલા તરીકે ભગવાન જ્ઞાનના સાગર છે તો આપણે પણ માસ્ટર જ્ઞાન સાગર છીએ.

આજના વિનાશી પદ પોઝીશનનું પણ કેટલું અભિમાન હોય છે. કોઈ મોટા ઓફિસર, ઉદ્યોગપતિ, રાજકારણી કે અભિનેતા હોય તો તેમને પદનો કેટલો નશો હોય છે. બાબા આપણને મુરલીમાં કેટલા બધા સ્વમાન આપે છે. તેનું લીસ્ટ જોઈએ તો ઘણુ લાંબુ લિસ્ટ બની શકે. કેટલી ઊંચી દૃષ્ટિથી બાબા આપણને જુએ છે, તો આપણને કેટલો નશો હોવો જોઈએ? બાપદાદાએ આપેલા અનેક સ્વમાન આપણે જાણ્યા તો ખરા પરંતુ માન્યા નહીં. જાણવાથી સુક્ષ્મ ખુશી મળે છે, જ્યારે માનવાથી શક્તિ મળે છે. વારંવાર પોતાની જાતને પૂછો, હું સ્વમાનની સીટ પર સેટ છું કે સાધારણ સ્થિતિમાં સેટ છું?

સ્વમાન જ જીવનની પહેલીને હલ કરવાનું સાધન છે. હું કોણ આ એક જ શબ્દના ઉત્તરમાં બધું જ જ્ઞાન સમાયેલું છે. આ સ્વમાન જ બધા ખજાનાની ચાવી છે. જેમ આપણે બીજા લોકોની વાહ વાહ કરીએ છીએ તેમ સ્વયંની પણ વાહ વાહ કરીએ. વાહ રે હું, હું કોણ? આ સ્વમાનના શબ્દો છે, નહીં કે દેહાભિમાનના, જ્યાં સ્વમાન છે ત્યાં અભિમાન નથી. જેમ ભગવાન ઉચ્ચ તે ઉચ્ચ છે તેમનું ગાયન છે, તેમ પોતાનું પણ ઊંચ તે ઊંચ શ્રેષ્ઠ સ્વમાન યાદ રાખો. ઊંચ તે ઊંચ બાપના બાળક સો માલિક છીએ તે યાદ રહે.

જેમ બાપની મહિમા ભક્ત આત્માઓ કરે છે તેમ આપ શ્રેષ્ઠ આત્માઓની મહિમા ભગવાન કરે છે. બાળકોના સહયોગ વગર બાપ પણ કંઈ કરી શકતા નથી. સંગમ પર બાપને પણ પોતાની સ્નેહની ડોરમાં બાંધવા વાળા આપ છો. આપ બાપ સમાન માસ્ટર ભગવાન છો.

સ્વમાનધારી બાળકોનું પુરા કલ્પમાં સન્માન થાય છે. સ્વમાનધારી બાળકોને રાજ્ય અધિકારી બનવાને કારણે પ્રજા દ્વારા સ્વમાન પ્રાપ્ત થાય છે અને અડધા કલ્પ સુધી ભક્તો દ્વારા સમ્માન પ્રાપ્ત થાય છે. છેલ્લા જન્મમાં પણ દેવાત્મા કે શક્તિ સ્વરૂપમાં કેટલું સન્માન થાય છે. કેટલા પ્રેમથી સન્માન આપે છે ઉઠાડે છે, જમાડે છે, સુવાડે છે. તેનું કારણ છે દેહ અભિમાનનું ત્યાગ કરી સ્વમાનમાં સ્થિત થયા તે છે. તેના માટે બાબાએ ચરણોના દાસના બદલે શિર સિરતાજ બનાવ્યા. બાપ સ્વયં બાળકોને પોતાનાથી પણ આગળ રાખે છે, બાળકોની ડબલ પૂજા થાય છે. દેવતાઓને

ઉચ્ચ આસન પર અને સ્વયંને જમીનની નીચે ગુપ્ત, અંડરગ્રાઉન્ડ રાખે છે. બાપ દરરોજ પરમધામ વતનથી સાકાર શરીરમાં યાદ પ્યાર આપવા માટે સાકાર લોકમાં આવે છે. બાબાએ બાળકોને માલિક બનાવ્યા અને સ્વયંને સર્વન્ટ બનાવી સેવા કરી, સદા માલેકમ સલામ કર્યું. કુમાર, કુમારીઓને નામીગ્રામી બનાવ્યા. મહાત્માઓને ચેલેન્જ કરવાવાળા, અસંભવને સંભવ કરવાવાળા, મહાત્માઓનું પણ માથું ઝુકાવવાવાળા એવા પવિત્ર આત્માઓને સન્માનથી જોયા. બુઝુર્ગોને હમજીન્સના સન્માનથી જોયા. નિંદા કરવાવાળાને મિત્ર સમજી સન્માન દેવાનું શીખવ્યું. સિર્ફ સન્માન દેવાવાળાને નહીં પણ ગાળ દેવાવાળાને પણ ગળે લગાવી સન્માન આપતા શીખવ્યું. પૂરી દુનિયાને પરિવાર સમજી સન્માન આપવાનું શીખવ્યું.

સ્વમાન માટે સ્વયંને પૂછવુ કે, હું કોણ? હું કોનો? આનો સકારાત્મક અલૌકિક ઉત્તર આપને જે મળે તે જ સ્વમાન છે. દાખલા તરીકે હું શિવ વંશી છું તો સ્વયં ભગવાન શિવ મારા પિતા છે. પિતા હોવાને કારણે તેમના બધા જ વારસાનો હું માલિક છું. મને સ્વયં ભગવાનની અલૌકિક પાલના મળી રહી છે. તેમની સાથે જ ખાવા પીવાનું, ઊઠવા બેસવાનું, રહેવાનું, ફરવાનું બધું જ કામ થાય છે. હું શિવનું સંતાન વિઘ્ન વિનાશક ગણેશ છું. હું સર્વના વિઘ્નોનો વિનાશ કરવાવાળો છું. હું જ સિદ્ધિવિનાયક છું. હું જ પ્રથમ પૂજ્ય છું. વિઘ્ન વિનાશકની સ્થિતિમાં જે વ્યક્તિ બાપ સમાન ઊંચી સ્થિતિમાં ટકે છે તેને જીવનની મોટામાં મોટી સમસ્યાઓ, વિઘ્નો અને બાધાઓ ખેલ સમાન પ્રતિત થાય છે.

હું બ્રહ્મા મુખ વંશાવલી પવિત્ર બ્રાહ્મણ છું. હું યજ્ઞરક્ષક છું. મારુ બ્રાહ્મણ કુળ સર્વશ્રેષ્ઠ કુળ છે. હું જ વેદનો જાણકાર દ્વિવેદી, ત્રિવેદી અને ચતુર્વેદી છું. હું આત્માઓનો પરમાત્મા સાથે વિવાહ કરાવું છું, હું જોષી છું અને ત્રણે કાળનું જ્ઞાન ધરાવનાર ત્રિકાળદર્શી જ્યોતિષ છું. આત્મબંધુઓને ઘરનો રસ્તો બતાવવાવાળો પાંડે અર્થાત પંડ્યા છું.

## સ્વમાનમાં રહેવાના ફાયદા

સ્વમાનમાં રહેવાથી વારંવાર અપસેટ નહીં થવાય જ્યારે સ્વમાનની સીટ પર સેટ હોઈશું તો માયા ઓપોઝિશન નહીં કરે, સદા સેફ રહેશો. અપસેટ થવાનું કારણ શ્રેષ્ઠ સ્વમાનમાંથી સાધારણ સ્થિતિમાં આવી જવાય છે. બુદ્ધિને ઈશ્વરીય નશાની સીટ પર સેટ કરીએ.

કોઈપણ સ્વમાન જેવા કે, હું વિશ્વ કલ્યાણકારી છું, હું સ્વદર્શન ચક્રધારી છું, હું મહાવીર સંકટમોચન હનુમાન છું, હું માસ્ટર સર્વશક્તિવાન છું. આવા ભિન્ન ભિન્ન સ્વમાનની સીટ પર સેટ રહેવાથી યોગમાં પણ રમણીકતા રહેશે. જો સીટ હલચલ કરતી હશે તો બુદ્ધિ પણ હલચલ કરશે.

બ્રહ્મા બાબા પણ કોઈને તેની કમજોરીનો ઈશારો આપવો હોય તો પહેલા સ્વમાનમાં સ્થિત કરતા અને કહેતા કે બચ્ચે આપ તો મહાવીર હો, કિતને મીઠે હો આપકો યે શોભા નહીં દેતા હૈ એમ કહીને નશો ચઢાવીને પછી જ કમજોરી તરફ દિશા નિર્દેશ કરતા. જો કોઈને ડાયરેક્ટ તેની કમજોરી બતાવીએ તો તે ડિપ્રેશનમાં આવી જાય અને ઝઘડો થાય.

**સંસ્કાર પરિવર્તનમાં ફાયદો** - સ્વમાન વિચારોને નિર્મિત કરે છે, જેનાથી આપણા જૂના સંસ્કારો અને સ્વભાવ બદલાવા લાગે છે. સકારાત્મક સંકલ્પ - હું માસ્ટર સર્વશક્તિવાન છું, શાંતસ્વરૂપ આત્મા છું, જેવા સ્વમાનના અભ્યાસથી મનની ઉર્જા વધે છે અને વ્યર્થ સંકલ્પ સમાપ્ત થાય છે.

(અનુસંધાન પેજ નં. 26 પર)

## ધ્રુવ-તપસ્વિની

# રાજયોગિની સતીદાદીજી

### બ્ર.કુ. હેમંતભાઈ, શાંતિવન, આબુ રોડ



આકાશમાં ટમટમતા તારા કેટલા સુંદર લાગે છે! તે અસંખ્ય તારાઓમાં પણ મન મોહી લેનારો સૌથી સુંદર સિતારો છે ‘ ધ્રુવ તારો’ બાળક ધ્રુવની ‘ધ્રુવ તારો’ બનવાની એક પૌરાણિક કથા છે. રાજા ઉત્તાનપાદની બે પત્નીઓ હતી - સુરુચિ અને સુનીતિ. બાળક ધ્રુવ સુનીતિનો પુત્ર અને સુરુચિનો પુત્ર હતો ઉત્તમ. સુરુચિ પુત્ર ઉત્તમને રાજા બનાવવા માંગતી હતી. એકવાર ધ્રુવ પિતાના ખોળામાં બેઠો હતો, ત્યારે સુરુચિએ ઈર્ષ્યાથી ધ્રુવને કહ્યું, ‘તું પિતાના ખોળામાં બેસવા યોગ્ય નથી!’ સુરુચિએ ધ્રુવને પિતાના ખોળામાંથી ઉઠાડી મૂક્યો. બાળક ધ્રુવે માતાને આ વાત કહી તો માતા બોલી, ‘જો ખોળામાં બેસવું જ હોય તો નારાયણના ખોળામાં બેસો, તેઓ જ સૌના પિતા છે.’ બાળક ધ્રુવે દેવર્ષિ નારદના સૂચનથી શ્રી નારાયણનું ધ્યાન ધરીને છ મહિના કઠોર તપસ્યા કરી. નારાયણ પ્રગટ થઈને બોલ્યા, ‘આકાશ જ મારો ખોળો છે.’ પછી નારાયણે પ્રસન્ન થઈને ધ્રુવને ‘આકાશમાં સદા સ્થિર રહેનારો, સૌથી ચમકતો અડગ ધ્રુવ તારો’ બનવાનું વરદાન આપ્યું.

ધ્રુવ તારાની જેમ જ અધ્યાત્મ આકાશના તારામંડળમાં ઝળહળતો, એક તેજસ્વી તારો હતો મહાન, તે ‘ધ્રુવ તપસ્વિની રાજયોગિની સતી દાદીજી’ જે હતાં દૈવી કુળની શાન! ધ્રુવની કઠોર તપસ્યા સમાન, સતીદાદીએ પણ સૂર્યની સામે બેસીને દ્રઢતાથી યોગ સાધના કરી, જેનાથી પ્રસન્ન થઈને સ્વયં ભાગ્યવિધાતા બ્રહ્માબાબાએ દાદીજીને ઉજ્જવળ નામ આપ્યું - ‘ધ્રુવ તપસ્વિની’ આ પણ એક રસપ્રદ વાર્તા છે, જે સતીદાદીજી સ્વયં જ રમુજી રીતે સંભળાવે છે, ‘એક દિવસ બાબાએ મારી બુદ્ધિની દોરી ખેંચી લીધી અને હું સવારે છ વાગ્યે સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધી સૂર્યની સામે યોગમાં બેસી ગઈ. આ યોગનો મારો નિત્યક્રમ બની ગયો અને આઠ મહિના વીતી ગયા, હું ખાવા-પીવાનું ભૂલી ગઈ, સવારથી સાંજ સુધી તડકામાં તપસ્યામાં તલ્લીન થઈને બેસી રહેતી, મારું શરીર દૂબળું-પાતળું થઈ ગયું.’ બધાએ બાબાને કહ્યું કે સતી બહેન આખો દિવસ સૂર્ય સામે બેસી રહે છે, ન કંઈ ખાય છે, ન કંઈ પીવે છે. બાબાએ બહેનોને કહ્યું, ‘તેને લઈને આવો.’ બહેનો બોલી, ‘તે ખૂબ ભારે છે, ઊંચકાતી જ નથી, એ પહાડને કોણ ઉપાડે?’ બાબા બોલ્યા, ‘સારું, હું ઉઠાડું છું.’ બાબાએ આવીને કહ્યું, ‘હે ધ્રુવ-તપસ્વિની, ઊઠો.’ બાબાના શબ્દો જેવા જ મારા કાને પડ્યા, હું તરત જ ઊભી થઈ ગઈ. બાબા બોલ્યા, ‘હવે સૂર્યની સામે ના બેસો.’

દાદીજીનો જન્મ જાપાનમાં થયો હતો. પિતાએ નામ આપ્યું, ‘સતી’ દાદીજીને શિવપિતા પાસેથી અવ્યક્ત નામ મળ્યું ‘ સૂર્યમોહિની’ દાદીજીના લૌકિક પિતાજી દાદા લેખરાજના સારા મિત્ર હતા. દાદા લેખરાજ કલકત્તા (કોલકાતા)માં રહેતા હતા અને દાદીના પિતા જાપાનમાં રહેતા હતા, તેમનો જાપાનમાં વ્યાપાર હતો. દાદીજી બે વર્ષના હતાં, ત્યારે જાપાનમાં વિનાશક ભૂકંપ આવ્યો. તેમાં દાદીજીના 30 સિંધી સગાં-સંબંધીઓ

દબાઈને કાળના મુખમાં હોમાઈ ગયા. તેમાં જ દાદીજીના પિતાનું પણ અવસાન થયું. તેના બે વર્ષ પછી, દાદીજી લૌકિક માતા સાથે ભારતમાં આવી ગયાં અને સિંધ હૈદરાબાદમાં રહેવા લાગ્યાં. દાદીજીનું ઘર બાબા (દાદા લેખરાજ)ના પડોશમાં જ હતું. તે સમયે બાબા લૌકિક બિઝનેસ પણ સંભાળતા અને ગીતાના પાઠ પણ કરતા. તે સત્સંગમાં બાબાના લૌકિક કાકા મૂલચંદ, તેમના પુત્રવધૂ ફૂલકી તથા કેટલીક માતાઓ આવતી હતી.

સતીદાદીજી જ્ઞાનમાર્ગમાં પદાર્પણની વાત સ્વયં સંભળાવે છે, 'બાબાનું ઘર અને અમારું ઘર એક જ હતું, વચ્ચે ફક્ત દીવાલ હતી.' એવું નહીં કે બાબા કોઈ પડોશી છે, પરંતુ પૂર્વજ પરિવારના છે - એ સમજીને અમે બાબા પાસે આવતા-જતા હતા. બાબા ખૂબ પ્રેમ કરતા હતા, બાબાની સલાહથી મેં 13 વર્ષની ઉંમરે મેટ્રિક પાસ કર્યું. બાબા એક ગીત ખૂબ પ્રેમથી ગાતા હતા -

'ઓમ લગંદા પ્યારા,
સખીયાનુ ઓમ લગંદા પ્યારા,
ઓમ હી બ્રહ્મા, ઓમ હી વિષ્ણુ,
ઓમ હી નવલખ તારા,
ઓમ લગંદા પ્યારા,
સખીયાનુ ઓમ લગંદા પ્યારા.....'

આ ગીત મને ખૂબ ગમ્યું, તેનાથી હું ખૂબ પ્રભાવિત થઈ. એક દિવસ બાબાએ કહ્યું, 'બેટા સાંજે આવજે.' બાબાની ભત્રીજી કિકની સાથે અમે પાંચ બહેનો બાબા પાસે ગઈ. બાબાએ પૂછ્યું, 'તમે ગીતા વાંચી છે?' અમે કહ્યું, 'સાંભળી છે'. બાબા બોલ્યા, 'ગીતા તો સૌના માટે છે, તો પછી અક્ષૌહિણી સેનામાં ફક્ત પાંચ પાંડવોનું જ ગાયન શા માટે છે? તેમાં પણ પહેલો નંબર અર્જુન જ શા માટે?' કારણ કે અર્જુન આજ્ઞાંકિત હતો, 'ઓટે સો અર્જુન (પરિવર્તન કરવામાં જે પહેલો આવે તે સાચો અર્જુન), નકુલ કોણ? જે ભગવાનની અકલ (જ્ઞાન)ની નકલ કરે તે નકુલ. સહદેવ તે જે સહયોગ આપીને દુઃખને સુખમાં બદલે. ભીમ કોણ? જેની પાસે જ્ઞાનની ગદા હોય. યુધિષ્ઠિર તે જે અંતર્મુખી બની, અંતરમનમાં યુદ્ધ કરીને અંદરના શત્રુને જીતે.' બાબા જ્યારે ગીતા જ્ઞાન સંભળાવી રહ્યા હતા, ત્યારે મને એવી જ અનુભૂતિ થઈ જાણે શ્રીકૃષ્ણએ અર્જુનને (ગીતા જ્ઞાન) સમજાવ્યું હતું, તેમ બાબા શ્રીકૃષ્ણના રૂપમાં મુજ અર્જુનને સમજાવી રહ્યા હોય. મને શ્રીકૃષ્ણનો સાક્ષાત્કાર થયો. બાબા બોલ્યા, 'દિકરી, ગીતા તમારી જ યાદગાર છે,' મેં પૂછ્યું, 'બાબા, યાદગાર કેવી રીતે બનશે?' બાબાએ કહ્યું, 'યાદથી.' મેં પૂછ્યું, 'કોને યાદ કરીએ?' તો બાબા બોલ્યા, 'અમૃતવેળાએ ઊઠીને ભગવાન સાથે વાતો કરો.' પછી બાબાએ કહ્યું 'દરરોજ આવજો, તો ગીતા સંભળાવીશ.'

અમે કન્યાઓ બીજા દિવસે ગઈ, તો બાબાએ કહ્યું, 'અહીં આત્માનું સ્મરણ (આત્મ-ચિંતન) કેવી રીતે કરવું? સાથે જ પરમાત્માનું સ્મરણ કેવી રીતે કરવું? - આ વાતો શીખવવામાં આવે છે.' બાબાએ અર્જુન સમાન વિદેહી બનવાની કળા શીખવી. બાબાએ જે જ્ઞાન આપ્યું, તેમાં ત્રણ વાતો મુખ્ય હતી - 1. એક તો આત્મવિશ્વાસ શું છે? 2. બીજું પરમાત્મ વિશ્વાસ શું છે? 3. તમારી મંજિલ ક્યાં છે? ક્યાં છે ઠેકાણું? હે મુસાફર, તારે ક્યાં જવાનું છે? આ એજ્યુકેશન (ભણતર) ખૂબ વહાલું લાગ્યું, કારણ કે આ હતું ગોડલી એજ્યુકેશન (ઈશ્વરીય ભણતર), બાકી ઓન્લી એજ્યુકેશન (માત્ર ભણતર) હતું - મને ગોડલી એજ્યુકેશન (ઈશ્વરીય ભણતર), ગોડલી રિલેશન (ઈશ્વરીય સંબંધ), ગોડલી ક્વોલિફિકેશન (ઈશ્વરીય યોગ્યતા) આ ત્રણેય પોઈન્ટ્સ ખૂબ જ સારા

લાગ્યા. મેં જ્ઞાનને સહજતાથી એપ્રીશિયેટ (સ્વીકાર) કરી લીધું.

ઓમમંડળીમાં હું હંમેશા મમ્માની સાથે જ રહેતી હતી, કારણ કે હું ટીચર લાઈનમાં હતી. બાબા-મમ્મા મુરલી સંભળાવતા અને લખતા તો હું મુરલીની પોઈન્ટ્સ નોટ કરતી હતી. મમ્મા સાથે બેસીને મુરલી લખતી અને મુરલીમાં થયેલી વ્યાકરણની ભૂલોનો સુધારો પણ કરતી. બાબા કરાચી ગયા. આમ તો મને લૌકિકનું કોઈ સખત બંધન નહોતું, પરંતુ ભાઈઓનું થોડું બંધન હતું. મેં વિચાર્યું કે તેમનાથી છુટકારો મેળવવો ખૂબ મુશ્કેલ છે, તેથી મેં બહાદુરી કરી, રાત્રે બે વાગ્યે ઊઠીને હું એક બલ એક ભરોસે ભાગી ગઈ, ભાઈઓ એવું ન વિચારે કે હું ક્યાં જતી રહી. માતાને પણ સાથે લઈ ગઈ. એક ગોપી પણ મને બોલી, 'મને પણ બાબા પાસે કરાચી લઈ ચાલો.' તેને ઘરવાળાઓનું ખૂબ બંધન હતું અને પૈસાની કમી હતી. તેથી હું તેને ગાડીમાં લઈ ગઈ, કારણ કે વિકારીઓથી બહેનોને બચાવવાની હતી.'

અમે શિવબાબાના આદેશથી 1950માં ભારત આવ્યા. યજ્ઞમાં બેગરી પાર્ટ (આર્થિક મંદીનો દૌર) ચાલી રહ્યો હતો. હોળી આવવાની હતી. એક દિવસ બાબા મમ્માને બોલ્યા, 'મમ્મા હોળી આવી રહી છે, બાળકોને જલેબી ખવડાવવી છે.' મમ્મા બોલ્યા, 'જી બાબા, પણ યજ્ઞમાં ન લોટ છે, ન તેલ છે.' બાબા બોલ્યા, 'શેઠ (પરમાત્મા) ઉપર બેઠા છે, આપણે તો વચ્ચે છીએ. જો જલેબી ખવડાવવી હશે તો તે ખવડાવશે.' બીજી બાજુ આબુમાં એક દંપતી આપસમાં દાન આપવાની વાત કરી રહ્યા હતા. પતિ કહેતો - હરિદ્વારમાં દાન કરીશું, પત્ની કહેતી - અહીં જે દેવીઓ રહે છે, તેમને દાન આપીશું, પણ પતિ ન માન્યો, તો પત્ની બોલી, 'પછી જોઈશું.' એ જ રાત્રે પતિના સ્વપ્નમાં વિષ્ણુજી આવ્યા, બોલ્યા, 'ઊઠો, યજ્ઞમાં દાન કરીને આવો.' પતિએ વિચાર્યું કે આ તો સ્વપ્ન છે, પરંતુ રાત્રે બે-ત્રણ વાર આ જ સ્વપ્ન આવ્યું. સવારે ઊઠીને પતિ બોલ્યો, 'તું રોજ કહેતી હતી ને કે મારે તે દેવીઓને જ દાન આપવું છે, તારે જેટલું દાન આપવું હોય એટલું આપી આવ.' પત્ની પૈસા કાઢીને આશ્રમ તરફ ચાલી નીકળી. અહીં મમ્મા હોળીના દિવસે બાળકોને પહાડી પર લઈ જવા માટે તૈયાર હતાં. જાનીજાનનહાર બાબા બોલ્યા, 'દિકરી, ઊભી રહે, હમણાં જ તમારો સંકલ્પ પૂરો થશે.' માતા મમ્મા તરફ જ આવી રહી હતી. માતા આવી અને મમ્માને જોતી જ રહી ગઈ, પછી માતા બોલી, 'હું તમને કંઈક અર્પણ કરવા આવી છું.' મમ્માના હાથમાં પરબીડિયું આપીને માતા બોલી, 'મારી આશા પૂરી થઈ ગઈ.' માતાના ગયા પછી મમ્માએ પરબીડિયું ખોલ્યું તો તેમાં યજ્ઞનો કારોબાર એક અઠવાડિયું ચાલી શકે એટલા પૈસા હતા.

બાબાએ મને સેવા માટે લખનઉ મોકલી. મમ્મા બે મહિના લખનઉ રહ્યાં. કોઈકે મમ્માને પૂછ્યું, 'મમ્મા તમે કન્યાઓને ખોળામાં બેસાડો છો, પણ ભાઈઓ ખોળામાં બેસે છે તો કેવી અનુભૂતિ થાય છે?' મમ્મા બોલ્યા, 'ચાહે બહેનો હોય કે ભાઈઓ મારા ખોળામાં આવે છે તો મારી એ જ કોન્સીયસ (ભાન) રહે છે કે આ બાબાના બાળકો છે, મારૂ કોન્સીયસ ચેન્જ નથી થતું. જેમ બાળકને ખોળામાં બેસાડીએ છીએ, તેમ જ ભાઈ હોય કે બહેન, હું ખોળામાં બેસાડું છું.' બાબા પણ લખનઉ આવ્યા, ત્યારે પરિવારના પરિવારો જ્ઞાનમાં આવ્યા હતા, જેમ કે રામચંદ એન્ડ સન્સ અને ગોવિંદરામનો પરિવાર. બાબાએ તે પરિવારોને ખૂબ પ્રેમ કર્યો અને કહ્યું, 'પરિવારને પ્રેમ કરવો એટલે કે બાબાને પ્રેમ કરવો - આ લક્ષ્ય

રાખીને ચાલશો તો બાબાના આશીર્વાદ સ્વતઃ જ મળી જશે.' બાબાએ મારું નામ રાખ્યું હતું 'સ્ટીમર', બાબાએ કહ્યું, 'સ્ટીમર (જહાજ) માલ ડિલીવર કરે છે. બસ, સ્ટીમર આવ્યું, માલ ઉપાડ્યો (જ્ઞાન સાંભળ્યું) અને ડિલિવર કર્યો (જ્ઞાન વહેંચ્યું).'

લખનઉના બ્ર.કુ. સુમન બહેન સતી દાદીજીની વિશેષતાઓ આ પ્રમાણે સંભળાવે છે, 'આદરણીય સતીદાદીજી સ્નેહનો દરિયો નહીં, નદી નહીં, સ્નેહનો અનંત સ્ત્રોત હતાં. નાનો-મોટો, અમીર-ગરીબ, ભણેલો-ગણેલો હોય કે ગામની ભોળી-ભાળી ઘરડી માતાઓ, દાદી સૌની પર નિઃસ્વાર્થ સ્નેહ લૂંટાવતાં રહ્યાં. દાદીજી માટે સૌ 'સોના' કે 'રાજા' હતા. એક ભાઈનું મગજ થોડું નબળુ હતું, છતાં પણ દાદીજી તેને પણ 'રાજા બેટા' કહેતાં અને બધા જેટલું જ એનું પણ ધ્યાન રાખતાં. કોઈ ગમે ત્યાંથી ગમે ત્યારે કસમયે આવે, તો દાદી એવું ન કહેતાં કે તમે આ સમયે કેમ આવ્યા? પરંતુ પહેલાં પૂછતાં કે તમે કંઈ ખાધું કે નહીં? તે કહે કે, દાદીજી કંઈ ખાધું તો નથી પણ કંઈ ખાઈશ પણ નહીં, તો દાદીજી પોતે જ રસોડામાં જઈને કંઈક બનાવતાં અને તેને બોલાવીને કહેતાં, 'આ થોડુંક ખાઈ લો, પછી સૂઈ જજો.' જેને જે ગમતું હોય, તેના માટે તે ધ્યાનથી અલગ રાખી લેતાં, અન્ય સેન્ટર પર તે વસ્તુ હોય તો ત્યાંથી લઈ આવતાં.

કોઈએ કોઈને ભલે તરછોડી દીધો હોય પરંતુ દાદીજીએ સૌને દિલમાં શરણ આપ્યું. દાદીજી ક્યારેય કોઈનાથી નારાજ ન થતાં. ગેરસમજણમાં આવીને કોઈકે તેમને કંઈક કહ્યું હોય તોપણ તેઓ તરત જ તેને ક્ષમા કરી દેતાં, ક્યારેય કોઈની વાત મનમાં ન રાખતાં. ગામની માતાઓ આવીને તેમની પથારી પર બેસી જતી, પણ દાદી કંઈ જ ના કહેતાં. કોઈ ગરીબ કંઈ પણ, કેટલું પણ લાવે, તો દાદી બાબાના પ્રતિનિધિ બનીને, સ્નેહથી સ્વીકારતાં અને દિલથી ઉપયોગ કરતાં, ફેંકતાં નહિં. એકવાર કેટલીક માતાઓ સસ્તા, જાડા અને કઠણ તુરિયાં તથા દૂધી લઈ આવી. અમે લોકોએ કહ્યું, 'આ બરાબર નથી, અમે નહીં ખાઈએ.' દાદીજી બોલ્યાં, 'બાબાએ મોકલ્યા છે, તેથી આને નકારવું યોગ્ય નથી, બિચારા ગરીબ લોકો દિલથી લાવ્યા છે.' દાદીજી રસોઈકળામાં નિપુણ હતાં.

એકવાર સેન્ટર પર બધા ડબ્બા ખાલી થઈ ગયા હતા, ખાવા માટે કંઈ જ નહોતું. પણ દાદીજીએ કોઈને પણ ન કહ્યું, કે ન તો ચહેરા પરથી કોઈને ખબર પડવા દીધી, દાદી લગન અને ખુશીથી સેન્ટરના બધાં કાર્યો કરતાં રહ્યાં. એ જ દિવસે એક માતા ધ્યાનમાં ગઈ તો બાબાએ તેને રસોડાના ખાલી ડબ્બા બતાવ્યા. તે ધ્યાન પછી સીધી રસોડામાં ગઈ. જ્યારે ડબ્બાઓ ખોલીને જોયા તો દાદીજી પ્રત્યે તેના મનમાં અપાર શ્રદ્ધા થઈ ગઈ કે આ મહાન ત્યાગી દેવી છે. દાદીજીને કોઈની પાસે માંગતા નથી જોયાં. મધુબન યજ્ઞ તેમને હંમેશા યાદ રહેતો. પોતાના માટે કંઈ પણ ન રાખીને, ચૂપચાપ પ્રકાશમણિ દાદીજીને સહયોગ આપી આવતાં. પહેલા બાબા, મધુબન પછી અન્ય. એક બાબાને આધાર બનાવ્યા, તેમના પર જ ભરોસો રાખ્યો. દાદીજીની રહેણી-કહેણી, ખાવા-પીવા-પહેરવામાં બધે જ સાદગી હતી, કોઈ બનાવટીપણું કે દેખાડો નહોતો.

દાદીજીનો ત્યાગ અનુપમ હતો - તેમણે કોઈ ઈચ્છા નહોતી રાખી. અમે કહેતા, આ વસ્તુ બરાબર નથી, આનો ઉપયોગ ન કરશો, દાદીજી કહેતાં, 'જે બાબા આપણને આપે છે, આપણે દિલથી તેને સ્વીકારવું જોઈએ. આપણે વૈરાગ્યને પસંદ કર્યો છે, નહીં કે મોજ-મસ્તીભર્યા જીવનને.' દાદીજીએ ક્યારેય પોતાના ખાવા-પહેરવા-ઓઢવા

માટે કંઈ ખરીદ્યું નહોતું, શરીર પર પણ કંઈ ખર્ચ ન કર્યો. દાદીજી કપડાં ઘડી કરીને ગાદલા નીચે રાખી, તે જ પહેરતાં. ઈકોનોમીનાં અવતાર દાદીજીએ કંઈ પણ ફેંક્યું નહીં, ખરાબ વસ્તુને પણ સારી બનાવી દીધી. દાદીજી રિક્ષા ન કરતા, દિવસભરમાં કેટલાય કિ.મી. પગપાળા ચાલતાં, જેનાથી પગમાં ફોલ્લા પડી ગયા હતા. અમે કહેતા કે, 'દૂર જવું છે રિક્ષા કરીએ', તો કહેતાં, 'ના, બાબાને યાદ કરતાં શોર્ટકટ રસ્તેથી જઈશું, ફાલતુ પૈસા ખર્ચવા ન જોઈએ.' તેઓ કહેતાં, 'માથાના દુખાવામાં, પેટના દુખાવામાં બાબાને દિલથી યાદ કરો તો સારું થઈ જશે.' દાદીજી ગામડાંઓમાં પણ સેવાર્થે ગયાં, ત્યાં સુવિધાઓ ન હોવા છતાં, પૂરો સમય બધાની સાથે રહેતાં. કેટલીય વાર તાવ પણ આવી જતો, પરંતુ કોઈ કોઈપણ સેવા માટે પ્રેમથી કહેતું તો દાદીજી ના નહોતા પાડતાં.

દાદીજીને આળસ તો દૂર-દૂર સુધી સ્પર્શી પણ નહોતી શકી. શરીરે જ્યાં સુધી સાથ આપ્યો, ત્યાં સુધી દાદીજીએ સેવાધારી રાખ્યા નહીં. તેઓ સેવામાં હંમેશા સમય પહેલાં પહોંચી જતાં, દરેક સેવા માટે તરત જ તૈયાર થઈ જતાં. બે વાગ્યે ઊઠીને, બાબાનો ભોગ સ્વયં બનાવીને, 6 વાગ્યા પહેલાં ક્લાસમાં બેસી જતાં હતાં. પહેલાં પોતે કરતાં, પછી બીજાને કહેતાં. તેઓ સ્વયંને ક્યારેય વૃદ્ધ નહોતા માનતા, કોઈના સાથ કે સહારા વગર ઝડપથી ચાલતાં. એંસી વર્ષની ઉંમરે પણ તેમનો ઉત્સાહ જોવા જેવો હતો. તેમના ઉમંગને જોઈને વૃદ્ધોમાં પણ જોશ આવી જતો. દાદીજીએ ક્યારેય અભિમાન નહોતુ કર્યું. મોટાં દાદીઓએ જે કહ્યું, જ્યાં જવાનું કહ્યું, તરત તૈયાર થઈ જતાં. મધુબન જતાં તો કોઈ સાધન કે સુવિધા નહોતાં લેતાં. અમે કહેતા, દાદીજી, પેલું ગીત સંભળાવો, તો તરત જ સંભળાવવા લાગતાં. દાદીજીએ કોઈની સાથે ઈર્ષ્યા કે નફરત નહોતા કર્યા. કોઈનો પણ ક્લાસ હોય, દાદીજી સૌથી પહેલાં જઈને વિદ્યાર્થીની જેમ બેસી જતાં હતાં.

દાદીજી ક્યારેય નવરાં ન બેસતાં, દિવસમાં 17-18 મુરલીઓ પણ વાંચી લેતાં, તેમને બધા પોઈન્ટ્સ યાદ રહેતા હતા, ક્લાસમાં જોયા વગર જ બધા પોઈન્ટ્સ સંભળાવી દેતાં, દાદીજીને સિંધી, હિન્દી, ઈંગ્લિશનું સારું જ્ઞાન હતું, અંગ્રેજી પણ સારું બોલતાં હતાં. દાદીજી કોઈ વાર્તા કે કથાનો આધાર લીધા વગર જ ભાષણ શરૂ કરી દેતાં. બોલવા માટે 5 મિનિટ પણ મળે તો બધાના ભાષણોને ફીકાં કરી દેતાં અને થોડા શબ્દોમાં જ આખો સાર સંભળાવી દેતાં. તેઓ સારું ગાતાં પણ હતાં. તેમનો અવાજ બુલંદ હતો, માઈક વગર પણ સૌને ઉમંગ-ઉત્સાહમાં લાવી દેતાં હતાં. દાદીજીએ કર્મક્ષેત્ર લખનઉને કોઈપણ ક્ષેત્ર કે વર્ગની સેવાથી વંચિત ન રહેવા દીધું. લખનઉવાળાને સાકાર બાબા-મમ્માની પાલના મળી, લખનઉમાં તમામ મોટાં દાદીઓનો અમૂલ્ય સહયોગ રહ્યો, પરંતુ લખનઉમાં સેવાનો વિસ્તાર સતી દાદીજીએ જ કર્યો.

કર્મઠતાની મૂર્તિ, સેવા ગગનની સફળતાનો સિતારો, સ્વયં સદા ઉમંગ-ઉત્સાહમાં રહીને સૌને ઉમંગ-ઉત્સાહની પાંખોથી ઉડાડનારાં, સરળ, સહૃદયી, સ્નેહની સરિતા આખરે 25 ઓક્ટોબર ૨૦૦૮ના રોજ નશ્વર દેહનો ત્યાગ કરી સદાને માટે સ્નેહના સાગરને મળવા નીકળી પડ્યાં. આવાં મીઠાં-મીઠાં, પ્યારાં-પ્યારાં ધ્રુવ તપસ્વિની રાજયોગિની સતીદાદીજીને સ્મૃતિ દિવસ પર અમારા શત-શત નમન...

**॥ ઓમ શાંતિ ॥**

**અનુવાદ - બ્ર.કુ. વિજય પોશિયા,**
**ઈન્ડિયા કોલોની, અમદાવાદ.**

# પ્રભુને પત્ર

બ્ર.કુ. ઉમેશભાઈ, ઉમરગામ

મારા અતિ પ્યારા બાબા,

આજે જીવન - મૃત્યુ વિષે વિચારી રહ્યો છું. એક નવા વિષય પર તમારી સાથે વાત કરવી છે.

જીવન વર્ષોના વર્ષો જેટલી લાંબી ઘટના હોય છે, જયારે મૃત્યુ એક સેકંડની ઘટના છે. પરંતુ એ એક સેકન્ડમાં બધું જ સમાપ્ત થઈ જતું હોય છે; એ વર્ષો લાંબી જિંદગી પર એક સેકન્ડમાં જ પડદો પડી જતો હોય છે. એ એક સેકંડની ઘટના ખૂબ મહત્વની અને શક્તિશાળી છે. પરંતુ બાબા, એ મહત્વની ઘટના 'મૃત્યુ' વિષે લોકો વાત કરવાનું ટાળે છે. વાત કરવી તો દૂર રહી, લોકો એના વિષે વિચારવા પણ માગતાં નથી. વિચારતાં પણ કંપારી છૂટી જતી હોય છે. દરેક મનુષ્યને મૃત્યુનો ડર લાગે છે. ડર લાગવાનું એક કારણ પોતાનાં સગાંસંબંધીઓ, પોતાનું સર્વસ્વ છૂટી જવાનું હોય તે છે. પરંતુ બાબા, મને લાગે છે કે મુખ્ય કારણ તો 'મૃત્યુ પછી શું?'- આ પ્રશ્ન હશે. મૃત્યુ પછી મારી શી ગતિ થશે? તેની જાણકારી ન હોવાને કારણે ડર લાગે છે. મૃત્યુ નજીક આવતું લાગે ત્યારે, લોકો ભયભીત થઈ આકુળવ્યાકુળ થઈ જાય છે.

આપણે ત્યાં ઈચ્છા-મૃત્યુની સંકલ્પના છે. 'બહુ જીવી લીધું, બહુ સારું જીવી લીધું, હવે એટલી જ સારી રીતે પોતાની ઈચ્છાથી મરવું છે'- આવું કેટલાં લોકો વિચારી શકે? મેં એક સાધુનું ઈચ્છા-મૃત્યુનું રેકોર્ડિંગ જોયું છે. કદાચ એ બૌદ્ધ સાધુ હતા. ઘણા શિષ્યોની ઉપસ્થિતિ હતી. શિષ્યો પોતાની વચ્ચે અંડાકાર જગ્યા છોડીને શાંતિપૂર્વક બેઠા હતા. પેલા સાધુ લાકડી કે વોકરના સહારા વિના જાતે ચાલતા આવ્યા. વચ્ચેની અંડાકાર જગ્યામાં પીઠ સરસા સૂઈ ગયા. અસીમ શાંતિ પ્રવર્તી રહી હતી. બે-એક મિનિટ પછી સાધુનો સાથળ પર રાખેલો હાથ નીચે પડી ગયો. શિષ્યો સમજી ગયા. શાંતિથી સાધુને વિધિવત ઉઠાવીને અંતિમ ક્રિયા માટે લઇ ગયા. આ ઘટનાનું રેકોર્ડિંગ જોવું પણ અદભૂત હતું. શિષ્યોની કોઈ રોક્કળ નહીં. સાધુએ પોતાની ઈચ્છાથી અત્યંત ગૌરવતાપૂર્વક તથા શાંતિપૂર્વક પોતાના દેહનો ત્યાગ કર્યો, મોતને આલિંગન આપ્યું. કેટલું ગૌરવપૂર્ણ મૃત્યુ!

પ્રશ્ન એ છે કે, આવું ગૌરવપૂર્ણ અને શાંતિપૂર્ણ મૃત્યુ કોને મળી શકે? સતયુગ અને ત્રેતાયુગમાં આ જ થવાનું છે. દરેક દેવાત્મા પૂર્ણ સમયે પોતાની ઈચ્છાથી શરીર છોડશે. ન જનારને દુઃખ, ન એનાં સગાસંબંધીઓને દુઃખ. તો આ જન્મમાં એનો અભ્યાસ કેમ નહીં? ઉપર વર્ણવેલ સાધુનો કિસ્સો સારી રીતે મરવાનો કિસ્સો છે. સારી રીતે મરવા માટે સારી રીતે જીવવું જોઈએ. લોકોને સારી રીતે જીવવાની હોંશ છે, પણ આપણું મૃત્યુ પણ સારું હોય એ માટે કોઈને પરવાહ નથી. જે રીતે ક્વોલિટી ઓફ લાઈફ વિષે વિચારવામાં આવે છે. એ રીતે ક્વોલિટી ઓફ ડેથ વિષે પણ વિચારવું જોઈએ. એક સાહિત્યકારે મૃત્યુનો પણ ઓચ્છવ મનાવવાની વાત કરી છે. જેમ પોતાને ત્યાં બાળકના જન્મનો ઓચ્છવ લોકો મનાવે છે એમ મૃત્યુનો પણ ઓચ્છવ હોઈ શકે બાબા? અગાઉ કહ્યું કે, સારી રીતે મરવા માટે સારી રીતે જીવવું જોઈએ. તો સારી રીતે જીવવું એટલે શું? રોજ જમવામાં પકવાન-મિષ્ટાન્ન હોય, વોર્ડરોબમાં સેંકડો મોઘાં બ્રાન્ડેડ કપડાં હોય, અવનવી મોઘી

(અનુસંધાન પેજ નં. 25 પર)

## ભક્તોની પુકાર સાંભળી, પરમાત્મ શક્તિનો અનુભવ કરવાનો

# પાવન સમય - નવરાત્રિ

બ્ર.કુ. વિવેકાનંદ, મહાદેવનગર, અમદાવાદ

નવરાત્રિનું પવિત્ર પર્વ ભક્તિભાવ, શક્તિ અને પ્રેમભાવની યાદ અપાવે છે. શિવબાબા (પરમાત્મા) અવારનવાર કહે છે, **'ભક્તોની પુકાર સાંભળો, દુઃખી આત્માઓની પુકાર સાંભળો. કોઈ બૂમ પાડે છે, કોઈ હૃદયથી મદદ માટે વિનંતી કરે છે.'** બાબા (પરમાત્મા)ના આ મહાવાક્યો સતત આપણા મનમાં ગુંજતા રહે છે.

માટે બ્રહ્માકુમારી દીદીઓ તથા ઈશ્વરીય પરિવારના ભાઈ-બહેનો દરરોજ અમૃતવેળાએ સમગ્ર વિશ્વની દુઃખી આત્માઓને મનસા શક્તિ (સકાશ) અને વિશ્વકલ્યાણ માટે યોગદાન કરે છે.

આ વિષયમાં આદરણીય દાદી પ્રકાશમણિજી તેમના અનુભવો દ્વારા જે અમૂલ્ય માર્ગદર્શન આપ્યું છે, તે આજે પણ આપણા જીવનને નવી દિશા આપે છે. દાદીજી તેમના અનુભવમાં કહેતા કે, 'એક દિવસ અમૃતવેળાએ આંખ ખુલી ત્યારે મને એવું લાગ્યું કે જાણે કોઈ ખૂબ જ જોરથી બૂમો પાડી મદદ માટે બોલાવે છે. મેં આસપાસ જોયું, પરંતુ કોઈ દેખાયું નહીં. પછી હું તો યોગમાં બેઠી. તે સમયે એવો અનુભવ થયો કે જાણે શિવબાબા વારંવાર કહી રહ્યા હોય, 'બચ્ચી, હવે બહુ ઝડપથી તે સમય આવશે કે જ્યારે તમારા વિજયના નગારા સમગ્ર વિશ્વમાં વાગશે. દુનિયા જોતી જ રહી જશે. તમે શક્તિ, સિદ્ધિ, સફળતા અને વિજયના જીવંત સ્વરૂપ બનીને આગળ વધશો.' અત્યારે સમગ્ર દુનિયામાં આત્માઓની પુકાર ખૂબ જ તીવ્ર બની ગઈ છે. માટે ઈશ્વરીય પરિવારના મારા બાળકોને જણાવો કે હવેથી ભૂતકાળને જુઓ નહીં. હવે શું થશે? કેવી રીતે થશે? આવા કોઈ સંકલ્પ વિકલ્પ કર્યા વગર ફક્ત અધ્યાત્મમાં આગળ વધતા રહો. દાદીજી કહેતા હતા કે, અમૃતવેળાના સમયે શિવબાબા જુદી-જુદી નવી પ્રેરણાઓ આપતા રહે છે. દાદીજીનો આ અનુભવ સાંભળતાં જ હૃદય આનંદ અને ઉમંગથી ભરાઈ જાય છે. દાદીજીનો પરમપ્રિય શિવબાબા સાથે કેટલો ગાઢ અને મધુર સંબંધ હતો. એવું અનુભવાય કે જાણે, શિવબાબા તેમની સમક્ષ જ બેઠા હોય અને બંને રૂબરૂ વાતચીત કરી રહ્યા હોય.

આવા સંબંધ આપણને પણ પ્રેરણા આપે છે કે, શું આપણે પણ શિવબાબા સાથે આટલી સ્પષ્ટ અને આત્મીય વાતચીત કરી શકીએ? તેના માટે આત્માની કઈ અવસ્થા જોઈએ? આ વિષય પર મનન, ચિંતન અને મંથન કરવું અત્યંત જરૂરી છે. મુરલીમાં શિવબાબા વારંવાર કહે છે, **'હે મીઠા બાળકો, તમારે સિદ્ધિ સ્વરૂપ બનવાનું છે.'** આ વાક્યનો સાચો અર્થ શું છે? શું કોઈ સિદ્ધિઓને પ્રાપ્ત કરવાની છે? શું કોઈ સિદ્ધિઓનું આહ્વાન કરવાનું છે? કે પછી આપણે પોતે જ સિદ્ધિસ્વરૂપ છીએ? પ્યારા દાદીજી કહેતા હતા કે, 'હું કેમ એવો સંકલ્પ કરું કે મારે સિદ્ધિ સ્વરૂપ બનવું છે? હું તો છું જ સિદ્ધિસ્વરૂપ. મારો દરેક સંકલ્પ સત્ય છે.' આ કેટલો ઊંચો આત્મનિશ્ચય છે! આપણા કપાળે શિવબાબાએ પહેલેથી જ લખી દીધું છે, 'તમે ચમકતી મણિઓ છો.' મણિનો મૂળ સ્વભાવ જ ચમકવાનો છે. કલ્પ પહેલાં પણ આપણે તેજસ્વી મણિઓ હતાં અને આજે પણ છીએ.

દાદીજીને હંમેશાં એવો દિવ્ય નશો (સ્મૃતિ)

રહેતો કે આપણે શિવબાબાની ચમકતી, સિદ્ધિ સ્વરૂપ મણિઓ છીએ. આપણે કોઈ સામાન્ય નથી, પરંતુ સાચા હીરા, પન્ના, માણેક અને પુખરાજની જેમ મૂલ્યવાન આત્માઓ છીએ. એટલે આપણી પણ અલગ અલગ મહિમાનું ગાયન ભક્તિમાં થાય છે. દાદીજી હંમેશાં પ્રેરણા આપતા હતા, 'હું દરેક કાર્યમાં સ્વયંને સફળતાની મૂર્તિ અને વિજયી સ્વરૂપમાં જ જોઉં છું. હું ક્યારેય નિરાશ કે હતાશ થતી નથી.' દરરોજ અમૃતવેળાએ શિવબાબા સાથે મધુર રૂહરૂહાન થાય ત્યારે પરમાત્મા આત્માને શક્તિ, નવીન પ્રેરણા અને નવા સંકલ્પોથી ભરપૂર કરે છે. પરમાત્માએ સમજાવ્યું છે, **'અમૃતવેળાનો સમય વરદાન લેવાનો અને સંધ્યાનો સમય ભક્તોને વરદાન આપવાનો છે.'** આ સમયે આપણને એવો અનુભવ થાય કે, જાણે પરમપિતા શિવબાબા ઉપરથી પ્રકાશના ફોકસની જેમ અગણિત વરદાન આપણને આપતાં હોય. જેમ રંગમંચ પર કોઈ એક કલાકાર પર પ્રકાશના કિરણો કેન્દ્રિત થાય છે, તેવી રીતે શિવબાબાના સર્વ વરદાન આપણા મસ્તક પર વરસે છે. એટલે મસ્તક તેજસ્વી, બુદ્ધિ સુવર્ણ પવિત્ર બનતી જાય છે. જાણે પ્રકાશની હિમવર્ષા (સ્નોફોલ) થયો હોય તેવો દિવ્ય અનુભવ થાય છે.

મને પણ આવો અનુભવ અવાર નવાર થયો છે. એક અવિસ્મરણીય અનુભવ વર્ષ 2006માં થયો. તે સમયે યુવા પ્રભાગ દ્વારા 'સ્વર્ણિમ ભારત યુવા પદયાત્રા'નું આયોજન થયું હતું. મેં પદયાત્રામાં જવા માટે ફોર્મ ભર્યું, મારી પસંદગી ઉમરગામથી વડોદરાની પદયાત્રા માટે થઈ. બધાને જુદી-જુદી જવાબદારીઓ સોંપવામાં આવી અને બધું આયોજન થઈ ગયું હતું. પરંતુ ડ્રામા અનુસાર અચાનક ઈન્દોરથી વડોદરા પદયાત્રા માટે ત્યાં બહેનોએ મારી માંગણી કરી. કારણ કે મને ગુજરાતી, હિન્દી અને મરાઠી એમ ત્રણ ભાષાની જાણકારી હતી. તે સમયે આ માત્ર એક ફેરફાર લાગ્યો હતો. પરંતુ ડ્રામાની કમાલ કહો કે થોડા સમય પછી સુરત-વલસાડ વિસ્તારમાં ભારે વરસાદને કારણે ઉમરગામથી વડોદરાની પદયાત્રા રદ થઈ ગઈ.

એક દિવસ અમૃતવેળા સાધનામાં બેઠો હતો. ત્યારે વારંવાર એક જ સંકલ્પ મનમાં ઊભો થતો હતો, 'પદયાત્રા માટે પસંદગી તો થઈ ગઈ છે, પરંતુ શું હું આ સેવા માટે માનસિક, શારીરિક અને ભાવનાત્મક રીતે તૈયાર છું?' તે સમયે મારે કેટલીક પરિસ્થિતિઓ અને સમસ્યાઓ હતી. મનમાં સતત એક જ વિચાર આવતો કે આવી માનસિક સ્થિતિમાં સેવા માટે નીકળવું યોગ્ય નથી. પછી એક વિચાર આવ્યો જો મારે સેવા માટે જવાનું છે, તો પહેલાં સ્વસ્થિતિ કેમ ન બનાવી લઉં?' આ આંતરિક પ્રેરણાને અનુસરીને મેં નોકરીમાં બે મહિનાની રજા મૂકી પણ રજા મંજૂર ન થઈ. એટલે મેં નોકરીમાંથી રાજીનામું આપી તપસ્યા માટે નીકળ્યો. મારા મનમાં એ સમયે માત્ર એક જ ભાવ હતો 'બાબાએ સેવા આપી છે. તો સેવા કરતાં પહેલાં હું પોતાને સેવા કરવા માટે યોગ્ય બનાવું છે.' આ વાત ઈન્દોર સુધી પહોંચી.

ઈન્દોરથી કો-ઓર્ડિનેટર બહેનનો ફોન આવ્યો અને મને પદયાત્રાનું નેતૃત્વ સોંપ્યું. ત્યારે એક વાત ખૂબ સ્પષ્ટ સમજાઈ કે નેતૃત્વ એટલે માત્ર આગળ ચાલવાનું નામ નથી, નેતૃત્વ એટલે જવાબદારી નિભાવવી. પદયાત્રા માટે અનેક વિષયો તૈયાર કરવાની જવાબદારી પણ આપવામાં આવી. તે સમયે મને કોઈ લેખનનો વિશેષ અનુભવ ન હતો, નિયમિત રીતે લખવાની કોઈ ટેવ ન હતી, મારી કોઈ વિશેષ મનન-ચિંતન કરવાની કોઈ ટેવ કે પદ્ધતિ ન હતી. પણ એક

સંકલ્પ કર્યો કે, બાબાએ જવાબદારી આપી છે, તો હું પ્રયત્ન તો કરીશ જ. જ્ઞાન સરોવરના અનેક મહારથીઓને વિષયો માટે વિનંતી કરી. પણ સૌ પોતાની સેવાઓમાં વ્યસ્ત હોવાથી સમયસર મળશે કે નહીં તેની અનિશ્ચિતતા હતી. એટલે એકવાર અમૃતવેળાએ બાબાની યાદમાં બે-અઢી વાગ્યે જાગી બાબાની સામે બેસીને એક પત્ર લખ્યો. 'બાબા, આપના જ ડાયરેક્શનથી આપના જ માર્ગદર્શનથી અને આપની જ છત્રછાયામાં હું આ પગલું ભરવા આવ્યો છું. ડ્રામાએ મને નેતૃત્વ સાથે જવાબદારીઓ પણ આપી છે. પરંતુ બાબા મારામાં એટલી ક્ષમતા, શક્તિ કે વિશેષતા નથી કે હું આ કાર્યને સફળતાપૂર્વક પૂર્ણ કરી શકું. આપ જ કરનકરાવનહાર છો. હવે આપ જ કરાવજો.' એ અમૃતવેળાની કમાલ હતી! મારી પાસે નોટ-પેન હતાં. બાબાની સામે બેસીને લખ્યું. જે એક સેવાનું નાનું સાધન બની ગયું. ત્યાર બાદ જે કઈ બન્યું તે આજે પણ એક અદ્દભુત અનુભૂતિ છે. માત્ર આઠ દિવસમાં પદયાત્રા માટે જરૂરી તમામ વિષયો તૈયાર થઈ ગયા! તે સમયે અંદરથી એક જ અનુભૂતિ હતી 'હું લખતો નથી, બાબા મારી પાસેથી લખાવી રહ્યા છે.' આ વાતની આદરણીય મોહનભાઈ સિંગલને ખબર પડતા તેમણે મને બોલાવ્યો, જે કંઈ લખેલું તૈયાર કર્યું હતું તેમને બતાવ્યું. તેમણે ખૂબ ધ્યાનથી વાંચ્યું અને આનંદ વ્યક્ત કર્યો. ત્યારબાદ તેમણે પોતાના અનુભવ સાથે એક એવી વાત કહી. જે મારા માટે એક નવા અધ્યાયની શરૂઆત બની. 'વિવેકભાઈ, તમને ખબર નથી કે તમે અહીંથી શું લઈને જઈ રહ્યા છો? બાબાએ તમને દિવ્ય બુદ્ધિનું વરદાન આપ્યું છે. હવે તમે કોઈપણ વિષય પર લખી શકો એવી ક્ષમતાના વરદાનના અધિકારી બની ગયા છો. એટલે આ લેખનકાર્ય ક્યારેય છોડશો નહીં.' આ શબ્દો માત્ર પ્રશંસા નહોતા. જાણે બાબાના કાર્ય તરફથી મળેલો એક દિશાસૂચક સંકેત હતો. ખરેખર, ત્યારથી આજ સુધી આ કલમ અટકી નથી.

આ અનુભવ એક ખાસ વાતને સ્પષ્ટ કરે છે કે, અમૃતવેળામાં આપણે બાબાના સંકલ્પોને કેચ કરી શકીએ છીએ અને બાબાની શક્તિના માધ્યમ બની શકીએ છીએ. જ્યારે આત્મા સ્વયં શાંત, પવિત્ર અને યોગયુક્ત બને છે, ત્યારે તેના સંકલ્પોમાં પણ શક્તિ આવી જાય છે. અમૃતવેળા માત્ર વહેલી સવારે ઊઠવાનો સમય નથી. તે આત્મા અને પરમાત્માના મિલનનો એક અત્યંત પાવન સમય છે. જ્યારે સમગ્ર વાતાવરણ શાંત, નિર્મળ અને પવિત્ર હોય, ત્યારે મનના સંકલ્પો પણ અત્યંત શક્તિશાળી બની શકે છે. આપણે સૌ અનુભવી છીએ છે કે અમૃતવેળાએ બુદ્ધિ દેહભાનથી પર થઈ જાય છે. તે સતોપ્રધાન બની સીધી શિવબાબા સાથે જોડાઈ જાય છે. આ સમયે શિવબાબા આખા દિવસ માટે જરૂરી શક્તિ, ઉમંગ, ઉત્સાહ અને આશીર્વાદ આપી દે છે. એટલા માટે જ તેને 'અમૃતવેળા' કહેવામાં આવે છે. 'અમૃતવેળા' પરમાત્મા પાસેથી વરદાન લેવાનો સર્વોત્તમ સમય છે. અમૃતવેળાએ શિવબાબા ક્યારેક જ્ઞાનના અનંત સાગરમાં લઈ જાય છે, તો ક્યારેક સેવાના નવા-નવા સંકલ્પો અને પ્રેરણાઓ આપે છે. ક્યારેક શક્તિઓથી ભરપૂર કરીને કહે છે, 'મીઠા બાળકો, મેં તમને છત્ર આપી દીધું છે. હવે આખો દિવસ રાજધાનીમાં સેવા કરો.' સિંહાસન પર તો છત્રધારી જ બેસે છે.

આપને સૌને એ પણ અનુભવ છે કે ઘણી વખત સવારે આળસ આવે છે, પરંતુ બાબા પ્રેમથી જગાડીને ચુસ્ત બનાવી કહે છે, 'જુવો, આળસ પર વિજય મેળવતા જ કેટલી શક્તિ મળી! ઊઠો અને મારા વરદાનની છત્રછાયા ધારણ કરો.'

અમૃતવેળાએ શિવબાબા આપણને પોતાની દિવ્ય છત્રછાયાનો અનુભવ કરાવે છે. આ છત્રછાયા આપણને માયા પર વિજય મેળવવાની શક્તિ આપે છે. જ્યારે બાબાની રક્ષા અને વરદાનનું આ છત્ર માથા પર હોય ત્યારે માયાના વિઘ્નો દૂરથી જ પાછા વળી જાય છે. તો પછી એક પ્રશ્ન આપણા અંતરમાં ઊઠવો જોઈએ કે નવરાત્રિના આ પાવન પર્વમાં જે અનેક આત્માઓ દુઃખી છે, અશાંત છે, નિરાશ છે, ભક્તિભાવથી પરમાત્માની શક્તિની ઝંખના કરી રહી છે, શું તેઓ આપણા માધ્યમથી શિવબાબા પાસેથી શક્તિ પ્રાપ્ત ન કરી શકે? ચોક્કસ કરી શકે. પરંતુ તેના માટે દાદીજી કહે છે કે, આપણું મન શક્તિશાળી, પવિત્ર અને યોગયુક્ત માધ્યમ બનવું જરૂરી છે.

આપણા ઈતિહાસમાં માતેશ્વરી જગદંબા સરસ્વતી અને આદરણીય દાદીઓના જીવનમાં આપણે આ સાધનાનું સુંદર ઉદાહરણ જોઈ શકીએ છીએ. નવરાત્રિના પાવન દિવસોમાં તેઓ રાત્રે બે-અઢી વાગ્યે જાગીને ભક્ત આત્માઓ માટે વિશેષ પાલના અને શક્તિની સેવા કરતા હતા. આ માત્ર જાગરણ નહોતું, આ તો પરમાત્માની શક્તિના સંદેશવાહક બનવાની તપસ્યા હતી. આ નવરાત્રિમાં આપણે પણ માત્ર પોતાના માટે યોગ ન કરીએ. પણ માત્ર નિમિત્ત બનીએ. આપણને કદાચ ખબર ન પણ હોય કે, આપણા એક શુદ્ધ સંકલ્પે કોઈ અજાણી આત્માના જીવનમાં આશાનો દીપક પ્રગટાવશે.

તો ચાલો આ નવરાત્રિ - માત્ર ઉપાસનાની નહીં, પરંતુ ઉપકારની નવરાત્રિ મનાવીએ. માત્ર જાગવાની નહીં, પરંતુ જાગૃતિ ફેલાવવાની નવરાત્રિ બનાવીએ. માત્ર શક્તિ માંગવાની નહીં, પરંતુ પરમાત્માની શક્તિનું માધ્યમ બનવાની નવરાત્રિ બનાવીએ. માટે દરરોજ અમૃતવેળાએ બાબાની યાદમાં બેસીને તેમની છત્રછાયાનો અનુભવ કરીએ, શક્તિઓથી ભરપૂર બનીએ અને સમગ્ર વિશ્વની દુઃખી આત્માઓને શાંતિ, પ્રેમ અને શક્તિના સ્પંદનો આપીએ. એ જ આજના સમયની સૌથી શ્રેષ્ઠ સેવા છે. આ જ નવરાત્રિની સાચી ઉપાસના છે.

**॥ ઓમ શાંતિ ॥**

---

**(પેજ નં. 21નું અનુસંધાન)... પ્રભુને પત્ર**

ઘડિયાળો અને બ્રાન્ડેડ કંપનીના જૂતાંનો સંગ્રહ હોય, આલિશાન આધુનિક સુવિધાઓથી સજ્જ મકાન હોય, અન્ય પણ ઘણી બધી પ્રોપર્ટી હોય, વિવિધ બ્રાન્ડની શાનદાર કારનો મોટો કાફલો આંગણમાં ઉભો હોય... આ બધું જાહોજલાલીની વ્યાખ્યામાં આવે; આને ક્વોલિટી ઓફ લાઈફ ન કહેવાય. સારી રીતે જીવવું એટલે છળ, કપટ, પ્રપંચ, દગો, જૂઠ, ચોરી, દુર્ભાવનારહિત જીવન. જીવનમાં કોઈનું પણ મન દુભાવ્યું હોય તો સમજી લેવું કે આપણું મૃત્યુ શાંતિપૂર્ણ નહીં હોય.

અને બાબા, તમે તો જીવતાજીવત આ દુનિયાથી મરવાની કેટલી ઊંચી વાત કરી છે! આ દુનિયાનો કોઈ પદાર્થ, વસ્તુ, વૈભવ, વ્યક્તિ પ્રત્યે આસક્તિ નહીં. બધું નિઃસ્પૃહભાવે ભોગવવું. સુખ-દુઃખ, જય-પરાજય, માન-અપમાન, પ્રશંસા-નિંદા આ બધા દ્વંદ્વોમાં સ્થિતપ્રજ્ઞ ભાવ. બધાં લોકો મારાં, અને છતાં મારું કોઈ નહીં! આ છે જીવતા જીવત મરવાની વાત. કેટલી ઊંચી છે આ સંકલ્પના!

મારું મૃત્યુ-ચિંતન બરાબર છે ને બાબા? અત્યારે તો આ ચિંતનને અહીં જ વિરામ આપું. ફરી બીજા કોઈ વિષય પર પત્ર લઈને તમારી સમક્ષ ઉપસ્થિત થઈશ.

**॥ ઓમ શાંતિ ॥**

(પેજ નં. 15નું અનુસંધાન)..જ્ઞાન પરબ-સ્વમાન

* સ્વમાનનો અભ્યાસ કરવાથી જીવન તણાવ મુક્ત બને છે અને શક્તિશાળી બને છે. સ્વમાનની સીટ પર સેટ રહી બાબાને યાદ કરીશું તો ઊંઘ કે ઊબાસી નહીં આવે સુસ્તી ભાગી જશે.

કેટલાક અગત્યના સ્વમાન આ પ્રમાણે છે જેના માટે ઉપર પ્રમાણેનું વિચાર સાગર મંથન વિસ્તૃતમાં કરી શકાય.

• હું પૂજ્ય અને પૂર્વજ આત્મા છું. • હું આધાર અને ઉદ્ધાર મૂર્ત છું. • હું સ્વદર્શન ચક્રધારી છું અને ભવિષ્ય છત્રધારી છું. • હું માસ્ટર વિધાતા બ્રહ્મા છું. • સ્વરાજ્ય અધિકારી છું. • હું ગોપી વલ્લભની ગોપી છું. • હું બેગમપુરનો બાદશાહ છું. • હું શિવ શક્તિ કમ્બાઈન્ડ સ્વરૂપ છું. • હું અષ્ટ ભૂજાધારી જગદંબા છું. • હું વિશ્વ કલ્યાણકારી છું. • હું સર્વ પ્રાપ્તિથી સંપન્ન સંતુષ્ટ આત્મા છું. • હું બાબાનો રાઈટ હેન્ડ છું. • હું માસ્ટર પારસનાથ છું. • હું પતિત પાવની ગંગા છું. • હું લકી અને લવલી છું. • હું સફળતાનો સિતારો છું. • હું પદ્મમાંપદમ ભાગ્યશાળી આત્મા છું. • હું સુખદેવ સુખદાતા છું. • હું બેહદનો વૈરાગી છું. • હું મસ્ત ફકીર છું. • હું માસ્ટર મુરલીધર છું. • હું મેસેન્જર છું. • હું ભગવાનની સન્મુખ ગીતા સાંભળનાર અર્જુન છું. • હું ઈન્દ્રપ્રસ્થની પરી છું. • હું કલ્પ કલ્પનો વિજયી આત્મા છું. • હું કોટોમાં કોઈ વિશેષ આત્મા છું. • હું ગોડલી સ્ટુડન્ટ છું. • હું ખુદાનો દોસ્ત છું. • હું એકવ્રતા પતિવ્રતા છું. • હું માસ્ટર મહાકાલ છું. • હું રૂહાની પંડા છું. • હું સંકટ મોચન મહાવીર છું. • હું સાક્ષી દૃષ્ટા છું.

આ સર્વે સ્વમાનનો અભ્યાસ કરવાથી મન સકારાત્મક બને છે અને મનનું મનોબળ મજબૂત બને છે. ॥ ઓમ શાંતિ ॥

## 'શિવ પ્રિયા'

# તેરી ઔર મેરી હી કહાની

બ્ર. કુ. શિવલાલ, જૂનાગઢ સેન્ટર

ફક્ત જરૂરી હૈ, તેરી ઔર મેરી હી કહાની.
નહીં જરૂરી હૈ, સારી દુનિયા અપને મે.
નહીં હુએ સાથ, ના જરૂરત કભી એકાંત મેં
નહીં પીટા ઢંઢોરા,
ફિર ભી અફવા અપની સારી દુનિયા મેં.
સ્નેહ કી યાત્રા,
સ્મૃતિ, સ્મૃતિ મેં રહે શ્વાસો શ્વાસ.
ના બેહોશી, હોશ રોમ-રોમ.
પલ પલ પ્રતિક્ષા,
પ્રિયતમ આપકી રહી હર ક્ષણ.
નહી જરૂરત દૂ-ભાષીયે કી જિસ મેં,
અપની મસ્તી અપની સતા સાથ અપની દુનિયા.
અંતર નાદ આત્મ ધ્વનિ, અનંતનો સાથ.
સમન્વય સરગમ કી
ગુંજ અભિલાષા આત્મિક સ્નેહ કી,
નહીં હૈ ખ્વાઈસ અજૂગતી હમારે બીચ,
નહીં તમ્મના માયાવી સાગર કી જિસ મેં
ભીગ જાતે પ્રિયતમ કી હર્ષિત નૈનો કી બૂંદ મેં
સાદ કરતી વસંત કી વનરાય એક-એક ક્ષણ
હૈ, રૂહાની સુગન્ધ લીલીછમ નિજ લાગણી તણી
ફક્ત જરૂરી હૈ, નિત્ય થી, પ્રિયતમ શિવ પ્રિયા,
અરજી રૂહાની પરમ કરૂણા પ્રિયતમ કી
કરૂણા બરસે બુંદ-બુંદ અભિષેક,
મરજી મહેરામણ આપકી
શિવપ્રિયા તેરી ઔર મેરી કહાની
॥ ઓમશાંતિ ॥

# નવરાત્રી નિમિત્તે

## બ્ર.કુ. ગીતા ગજ્જર, ઉપલેટા

આસો સુદ-1 આખા વર્ષ દરમિયાન ભક્તો જેનું સ્મરણ કરે, બાળકો ભોળા ભાવે યાદ કરે, દુઃખીઓ હૃદયથી પુકાર કરે. આ વિવિધ પ્રકારના આવાહ્નના ફળરૂપે માનું ભોળું હૃદય દ્રવી ઉઠે અને ભક્તોના ભાવને પૂર્ણ કરવા આશાઓના દિપક જગમગાવવા આખર માઁ નવદુર્ગા આ અવની પર પ્રગટ થઈ નવ-નવ રાતો સુધી ગુપ્તરૂપમાં ભોળુડા ભક્તો કાજે, નિર્દોષ બાળાઓના રૂપમાં નિખાલસતાથી મા જગદંબા મન મૂકીને ગરબે ઘૂમે છે, રાસની રમઝટ બોલાવે છે. આખી સૃષ્ટીનું વાતાવરણ થનગની ઉઠે છે. માનવીઓના હૈયા હર્ષોલાસથી ઝુંમવા લાગે છે, અલૌકિક પવિત્રતાની સુગંધ ચારો તરફ ફેલાઈ જાય છે. નવરાત્રીના નવ-નવ દિવસ આંખના પલકારામાં પૂરા થાય છે. નવદુર્ગાઓના હોમહવન પૂરા થાય છે. નવદુર્ગા પોત-પોતાના સ્થાન પર જવાની વસમી વિદાઈ વેળા આવી પહોંચી પણ માઁને વિદાય દેવા હૈયું તૈયાર નથી. છતાં પણ કુદરતનો નિયમ છે આખર માઁ થી બાલુડાને વિખુટા પડવું પડે છે. એ અંતરમનનો ભાવ આ ગીતમાં વ્યક્ત થઈ રહ્યો છે.

રાગ - બેના રે... સાસરીયે જાતાં જો જો
(પારકી થાપણ)

વિદાઈ વેળા આંખો પ્રેમના આંસુડે છલકાય...
મૈયા મારી મંદિરીયે આજ ચાલી જાય...
મૈયા ઉમીયા દેરડીયે આજ ચાલી જાય...
રમતી 'તી હું જે મંડપમાં સંગે હવે કોણ ઘુમશે...
મારી સંગે હવે કોણ ઘૂમશે,
ખમ્મા ખમ્મા કહીને મીઠો ખમકારો કોણ કરશે...
માઁ ...ખમકારો કોણ કરશે...
નવલી આ નવરાતો મૈયા કેમ કરી વિસરાય...
મૈયા મારી મંદિરીયે આજ ચાલી જાય...
સ્નેહ નીતરતા નયનોથી માઁ કોણ હવે નીરખશે...
મુને... કોણ હવે નીરખશે...
હૈયા કેરા હૈતે માથે હાથ હવે કોનો ફરશે...
માઁ... હાથ હવે કોનો ફરશે...
મીઠી મમતા કેરી મૂરત કેમ કરી ભૂલાશે...
મૈયા મારી મંદિરીયે આજ ચાલી જાય...
ભક્તો કેરા ભાવે મૈયા ગમાં તું પંકાણી...
માઁ... જગમાં તું પંકાણી...
શક્તિરૂપે સિંહવાહિની તૂને યુગે યુગે જાણી...
માઁ... યુગે યુગે જાણી...
બાળોઓ સૌ વિનયે માડી તુઝથી ના જવાય...
મૈયા મારી મંદિરીયે આજ ચાલી જાય...
મૈયા જગદંબા... જોને આજ ચાલી જાય...
મૈ... યા... રે... ઓ... મૈયા...

**॥ ઓમ શાંતિ ॥**

### નમ્ર નિવેદન

જ્ઞાનામૃતના સંપાદનનું કાર્ય એડવાન્સમાં થતું હોવાથી, સર્વ લેખકો, કૃતિઓ મોકલનારને નમ્ર વિનંતી છે કે, તેઓ જે તે મહિનાના તહેવારને અનુરૂપ, કોઈ વિશેષ દિવસ કે ઉજવણી અથવા વડીલોના સ્મૃતિ દિવસ માટે આપનો લેખ બે મહિના અગાઉ એડવાન્સમાં જરૂરથી મોકલશો. જેથી સમયસર પ્રકાશિત થાય. સંપાદન કાર્ય પૂર્ણ થયા બાદ મળેલા લેખને સ્થાન આપવાનું મુશ્કેલ બને છે. સહયોગની અપેક્ષા સહ નમ્ર અનુરોધ. **- તંત્રીશ્રી**



# વાચકોના પ્રતિભાવ

ઓગસ્ટ - 2026ના અંકમાં બ્ર.કુ. સંજયની AI વિશેની સમજ ખૂબ ઉપયોગી અને મહત્વની હતી. વર્તમાન સમયમાં વિજ્ઞાનના વિકાસની પ્રગતિ વિશે ટૂંકમાં ખૂબ સરળ માહિતી મળી, જેમાં આવનારા સમય વિશે પ્રકાશ પાડ્યો. વર્તમાનમાં અધ્યાત્મિક પુરુષાર્થ કરતાં લોકોને સમજ અને એક દિશા મળશે, સમયનું મહત્વ સમજાશે. મને લાગે છે કે, મનુષ્યના ભાવોને સમજવાની શક્તિ, કલ્પના-શીલતા (આશા વિચાર ઈચ્છા) અને અનુભૂતિ (અનુભવ) પર વિજય નહિ મેળવી શકે. જે કામ આપણે માત્ર જીવનના અધ્યયનથી જ કરી શકીશું. AI જે કામ કરે છે તેની પણ મર્યાદા છે. આત્માનુંભૂતિ યોગ (ધ્યાન)ના અભ્યાસ દ્વારા જ શક્ય છે. આ સુંદર લેખ માટે આભાર અને અભિનંદન.

**મોકલનાર - બ્ર.કુ. જયુભાઈ**, મહાદેવનગર, અમદાવાદ. (16-08-2026) મો. 94273 04043

જુન માસમાં મમ્મા અને સરલાદીદીની તિથી આવતી હોવાથી જ્ઞાનામૃતનો જુન - 2026નો અંક તેમની સ્મરણાંજલિનો વિશેષાંક પ્રસિદ્ધ કર્યાનો ઘણો આનંદ થયો. તેમાં મહારથી બહેનોની કૃતિઓ ખૂબ ગમી, જેમાં તંત્રીલેખ અગ્રસ્થાને છે. ઈશ્વરના મદદગાર બનનારને લૌકિક ભણતરનો પ્રશ્ન નડતો નથી તે વાત સમજવા બ્ર.કુ. કૈલાસદીદીનું જ્વલંત ઉદાહરણ વાંચવું સૌને ગમે તેવું છે. નામાંકિત પ્રતિભાઓના લેખોથી શોભતું જુન માસનું આ જ્ઞાનામૃત સાચવી રાખવાનું મન થાય તેવું છે. આવા વિશેષાંકથી સેવા પણ થાય, માટે જ્ઞાનામૃતની ટીમ અભિનંદનને પાત્ર છે.

**મોકલનાર : બ્ર.કુ. કિશોર મહેતા**, ધોરાજી (29-06-2026) મો. 94277 22984

ગુજરાતના અલૌકિક માં સરલાદીદીજી અને બ્ર.કુ. ડો. કાલિદાસભાઈ બંને વિભૂતિઓની વિહંગમાર્ગની સેવામાં પ્રયાણ બાદ તેઓના અંતઃકરણના આશીર્વાદથી ગુજરાતી જ્ઞાનામૃતમાં અનમોલ પરિવર્તન આવ્યું છે. આજે ખુશી, આનંદ અને અતિ હર્ષ છે કે, જ્ઞાનામૃતની ગુણવત્તા દિન પ્રતિ દિન શ્રેષ્ઠતા તરફ જઈ રહી છે. સૌરાષ્ટ્રના વિવિધ અખબારોમાં લખવાના અનુભવી આદરણીય ભારતીદીદીજીનો જુન-૨૦૨૬ના જ્ઞાનામૃતમાં મમ્માનો લેખ કાબિલે દાદ છે.

**મોકલનાર : બ્ર.કુ. મુકેશ જોશી**, ભાવનગર (03-08-2026) મો. 98245 84874

## સંગમયુગની પ્રશ્નાવલી ભાગ - 8ના જવાબો

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1. | છી-છી | 2. | સરળ | 3. | મનસા | 4. | સ્વધર્મ | 5. | ન્યોછાવર |
| 6. | રુહાનિયત | 7. | સફળતા | 8. | રસના | 9. | નિર્વિઘ્ન | 10. | સંસાર |
| 11. | સહયોગ | 12 | સંગમયુગ | 13. | લાઈટ | 14. | પોતાનું | 15. | સુખધામ |
| 16. | સાક્ષી | 17. | પરચિંતન | 18. | અપવિત્રતા | 19. | સમય | 20. | પાવન |
| 21. | સ્વર્ગનો | 22. | શ્રીમત | 23. | જુની દુનિયા | 24. | પદમપતિ | 25. | યાદ |

Published and Printed by BK Bhartiben R. Somiya for Prajapita Brahmakumaries Ishwariya Vishwa Vidyalaya, Ahmedabad. Printed at Gujarat Offset Private Ltd. 'Offset House', Opp. Jain Ashram, Station Road, Vatva, Ahmedabad – 382 440. Published from Prajapita Brahmakumaries Ishwariya Vishwa Vidyalaya, Sukh Shanti Bhavan, Bhulabhai Park Road, Kankaria, Ahmedabad - 380 022, Gujarat State, India. Edited by Dr. Nandini Harshadrai Dwivedi

# સંગમયુગની પ્રશ્નાવલી ભાગ - 8

દૈવી ભાઈઓ અને બહેનો,

નવીનતાસભર ઈશ્વરીય જ્ઞાનખજાનો સંગમયુગની પ્રશ્નાવલી ભાગ - 8 જ્ઞાન-ચિંતનના આધારે અહીં આપેલા શબ્દોમાંથી યોગ્ય શબ્દ પ્રશ્નાવલીમાં ભરશો. આ પ્રશ્નાવલીના જવાબો આ જ અંકમાં અંદર આપેલ છે. તમારા જવાબોને સાચા જવાબો સાથે જરૂર ચકાસી જુઓ.

1. બ્રાહ્મણ થી દેવતા બનવા માટે જે પણ _________ આદતો છે તે છોડવાની છે.
2. _________ સ્વભાવ વાળા સદા નિર્માણચિત્ત, નિરહંકારી, નિ:સ્વાર્થી હોય છે.
3. _________ સેવા દ્વારા દુ:ખી - અશાંત આત્માઓને સહારો આપો.
4. કર્મ કરતાં પોતાનાં શાંતિ _________ માં સ્થિત રહેવાનું છે.
5. બાબાનાં પ્રેમની પાછળ વ્યર્થ સંકલ્પ _________ કરી દો.
6. જો રુહાબ અને રહેમ બંને સાથે-સાથે છે તો _________ ની સ્ટેજ બની જાય છે.
7. _________ ને પરમાત્મ-બર્થરાઈટ સમજવા વાળા જ સદા પ્રસન્નચિત્ત રહી શકે છે.
8. સર્વ સંબંધોની _________ એક બાપથી લેવાની છે.
9. જૂનાં સંસ્કારોને વિદાય આપી _________ રહેવાનો દૃઢ સંકલ્પ લો.
10. બાબા જ મારો _________ છે.
11. જ્યાં હિંમત છે ત્યાં બાપદાદાનો સદા _________ છે.
12. _________ અર્થાત્ સર્વ પ્રાપ્તિઓનો યુગ છે.
13. ઈશ્વરીય ભાગ્યની નિશાની _________ નું ક્રાઉન છે.
14. તમારે _________ ચિંતન કરવાનું છે, બીજાનું નહીં.
15. પાવન બનીને ઘરે જવાનું છે પછી _________ માં આવવાનું છે.
16. આ બેહદનાં ખેલને _________ બની જોવાનો છે.
17. _________ છોડી પોતાનું કલ્યાણ કરો.
18. વ્યર્થ સંકલ્પોની _________ ને ખતમ કરો.
19. ઝરમુઈ-ઝઘમુઈમાં પોતાનો _________ નષ્ટ નથી કરવાનો.
20. _________ બન્યાં વગર મુક્તિધામમાં જઈ ન શકાય.
21. બાબા પાસેથી _________ નો વારસો મળે છે.
22. શ્રેષ્ઠ દુનિયાની સ્થાપના થઈ રહી છે _________ પર.
23. બેહદનાં વૈરાગી બની આ _________ ને ભૂલી જવાનું છે.
24. કદમમાં પદમોની કમાણી કરી _________ બનો.
25. _________ નો સાચ્ચો-સાચ્ચો ચાર્ટ રાખવાનો છે.

**(સ્વધર્મ, સરળ, છી-છી, મનસા, ન્યોછાવર, રસના, પોતાનું, જુની દુનિયા, રુહાનિયત, સફળતા, સ્વર્ગ, લાઈટ, પાવન, નિર્વિઘ્ન, યાદ, સંસાર, અપવિત્રતા, શ્રીમત, સાક્ષી, પદમપતિ, સુખધામ, સંગમયુગ, સમય, સહયોગ, પરચિંતન)**




પડધરીમાં PI મયુરભાઈ, PSI નયનાબેન તથા પોલીસ સ્ટાફને રક્ષાબંધન કર્યા બાદ સમુહચિત્રમાં બ્ર.કુ. જીજ્ઞાબેન, બ્ર.કુ. શીલુબેન.



નખત્રાણામાં નગરપાલિકાના પ્રમુખ વસંતભાઈ, ચેરમેન ચંદનસિંહ, કારોબારી સભ્યોનું રક્ષાબંધન બાદ સમુહચિત્રમાં બ્ર.કુ. કિરણબેન.



અમદાવાદ વટવામાં 'વિશ્વકર્મા સ્નેહમિલન'માં ડાયરેક્ટર તક્ષશીલા રીયાલીટીઝ ઘનશ્યામભાઈ, જય માતાજી ડેકોરેટરના માલિક ચેતનભાઈ, કારીગરો સાથે બ્ર.કુ. નેહાબેન, બ્ર.કુ. તારાબેન.



રાજકોટ ગાંધીગ્રામમાં બ્ર.કુ. નયનાબેન, બ્ર.કુ. ભાગ્યાબેનને મોમેન્ટો આપતાં વિહિપના પ્રમુખ પંકજભાઈ, પ્રેસ મીડિયાના મૌલિકભાઈ, સહમંત્રી લલીતભાઈ, ધર્મ પ્રચારક ધર્મેશભાઈ, કમિટીના સભ્યો.



સુરત સરથાણામાં સૌરાષ્ટ્ર મહિલા સમાજ જમનાબાઈ ભવનના ટ્રસ્ટી ભ્રાતા કાનજીભાઈને રક્ષાબંધન બાદ સોગાત આપતાં બ્ર.કુ. દક્ષાબેન.



અમદાવાદ નવા નરોડાની આર.પી.વસાણી ઈન્ટરનેશનલ શાળાના ટ્રસ્ટી રાવજીભાઈ, નિયામક મયુરીબેન, આચાર્ય જ્યોતિબેનને રક્ષાબંધન કર્યા બાદ સમુહચિત્રમાં બ્ર.કુ. સુલોચનાબેન.



વડોદરા ફાયર બ્રિગેડમાં ફાયરમેનોને રાખડી બાંધ્યા બાદ સમુહચિત્રમાં મંગલવાડી સેવાકેન્દ્રના બ્ર.કુ. સિમરનબેન.



બાંટવામાં એસ.ટી. બસ ડેપો મેનેજર ભ્રાતા લીલાભાઈ અડીયાને રક્ષાબંધન કરતાં બ્ર.કુ. મધુબેન.



મરોલીમાં જીલ્લા આરોગ્ય અધિકારી ભ્રાતા મેહુલભાઈ પટેલને રક્ષાબંધન કરતાં બ્ર.કુ. મુકેશબેન.




મઢી ખાતે 'નશામુક્ત અભિયાન'ના કાર્યક્રમમાં એમ.કે.પટેલ શાળાના આચાર્ય ભગિની અલ્પાબેનને સર્ટીફીકેટ આપતાં બ્ર.કુ. પિંકીબેન.



વાઘોડીયા તાલુકા પંચાયતમાં MLA ભ્રાતા ધર્મેન્દ્રસિંહ વાઘેલા, તાલુકા પ્રમુખ જોત્સનાબેન, TDO ભ્રાતા તપનભાઈ, મામલતદાર મોહમ્મદભાઈ તથા સ્ટાફને 'નશામુક્તિ'ની પ્રતિજ્ઞા કરાવતાં બ્ર.કુ. ગીતાબેન.



નાર ખાતે બી.આર.એલ. હાઈસ્કુલમાં 'નશામુક્ત અભિયાન'ના કાર્યક્રમ બાદ આચાર્ય ભ્રાતા મુકેશભાઈને સર્ટીફીકેટ આપતાં બ્ર.કુ. સંગીતાબેન તથા બ્ર.કુ. દિપાલીબેન.



મહેમદાવાદ ખાતે 'કાનુની શિક્ષણ શિબિર'માં રક્ષાબંધન બાદ ન્યાયાધીશ ભ્રાતા જે.જે. જાદવ, વકીલો સાથે બ્ર.કુ. મારૂતીબેન.



ઉંમપાડા પોલીસ સ્ટેશનમાં PI તથા સ્ટાફને 'નશામુક્તિ'ની સમજુતી અને રક્ષાબંધન બાદ સમુહમાં PI જે.પી. ભવાડ, બ્ર.કુ. મીનાબેન.



અમરોલી ફાયર સ્ટેશનમાં 'નશામુક્ત ભારત'ની સમજુતી આપી ફાયરમેનોને પ્રતિજ્ઞા કરાવ્યા બાદ સમુહચિત્રમાં બ્ર.કુ. જ્યોતિબેન.



અમદાવાદ ભાટ દ્વારા ગુજરાત પોલીસ ટ્રેનીંગ સેન્ટર કરાઈ ખાતે જવાનોને 'નશામુક્ત અભિયાન'ની માહિતી આપતાં બ્ર.કુ. પ્રિતીબેન.




દાહોદમાં 'વિશાળ મહારક્તદાન શિબિર'માં રક્તદાતા સાથે THO ડૉ. ઉદયભાઈ તિલાવટ, બ્લડ બેંક સ્ટાફ, બ્ર.કુ. કપિલાબેન.




નવસારીમાં વિશ્વ બંધુત્વદિને આયોજીત 'રક્તદાન કેમ્પ'ના ઉદ્ઘાટનમાં રેડક્રોસના ડૉ. નરેશભાઈ, મેયર અશોકભાઈ, ચેમ્બર ઑફ કોમર્સના પ્રમુખ હરીશભાઈ અને મંત્રી જીતુભાઈ, બ્ર.કુ. ગીતાબેન.



અમરેલીના 'બ્લડ કેમ્પ'માં રેડક્રોસના ડૉ. ભરતભાઈ કાનાબાર, રોટરી ક્લબના પ્રમુખ રવિભાઈ, વેપારી મહામંડળના પ્રમુખ બીરજુભાઈ, ચેમ્બર ઑફ કોમર્સના પ્રમુખ ભગીરથભાઈ, બ્ર.કુ. ગીતાબેન.



ભુજ–ઐયાનગરના કેમ્પમાં કેજીકે સમાજરત્ન પ્રમુખ વિનોદભાઈ, રિલાયન્સ હોસ્પીટલના ચેરમેન ભરતભાઈ, લાયન્સના પૂર્વ ડિસ્ટ્રી. ગર્વનર મીનાબેન, મેડીકલ કૉલેજના નિયામક ડૉ.નરેન્દ્રભાઈ, બ્ર.કુ.રીનાબેન, બાબુભાઈ.



સુરત મોટા વરાછામાં આયોજીત 'રક્તદાન શિબિર'માં યુનિટી બ્લડ બેંકના ડૉ. અંકિતભાઇને સોગાત આપતાં બ્ર.કુ. મીનાબેન.




વડોદરા માંજલપુરમાં 'બ્લડ ડોનેશન'ના શુભારંભે મેયર ગીતાબેન, કૉરપોરેટર માધવીબેન, વકીલ અમિતભાઈ, બ્ર.કુ. ધીરજબેન.



ઉંમરગામમાં રક્તદાનના શુભારંભે UIAના સેક્રેટરી શ્યામ વિઝન, રોટરીના પ્રમુખ હેંમતભાઈ, સેક્રેટરી ચંપકભાઈ, બ્ર.કુ. ચેતનાબેન.



સુરત પુણે સેવાકેન્દ્ર પર આયોજીત 'બ્લડ ડોનેશન કેમ્પ'નું ઉદ્ઘાટન કરતાં બ્ર.કુ. રેખાબેન સાથે બ્લડ બેંકની ટીમ.



સાવલીમાં ડેપ્યુટી કલેક્ટર ભ્રાતા રોનકભાઈ શાહને રક્ષાબંધન કરતાં બ્ર.કુ. શારદાબેન.



શહેરામાં પ્રાંત ઓફિસર તથા SDM ભગિની મીતાબેન ડોડીયાને રાખડી બાંધતા બ્ર.કુ. રતનબેન સાથે બ્ર.કુ. જયાબેન.



ધંધુકામાં ડેપ્યુટી કલેક્ટર ભગિની ઈશિતાબેન મેરને રક્ષાબંધન કરતાં બ્ર.કુ. મમતાબેન.



જુનાગઢમાં શ્રી શેરનાથબાપુને રાખડી બાંધતા બ્ર.કુ. હંસાબેન બાજુમાં બ્ર.કુ. રંજનબેન.



જસદણ પોલીસ સ્ટેશનના PI ભ્રાતા જે.પી. ગોસાઈને રક્ષાબંધન કરતાં બ્ર.કુ. ભાવનાબેન.



સુરત ઉતરાયણ પોલીસ સ્ટેશનના PI ભ્રાતા એસ.આર. ગોસ્વામીને રક્ષાબંધન કરતાં બ્ર.કુ. શાંતાબેન.



પાસોદરા ભક્તિ ઈન્ટરનેશનલ સ્કુલના આચાર્ય ભ્રાતા અલ્કેશભાઈને રક્ષાબંધન કરતાં બ્ર.કુ. હર્ષાબેન, સાથે ડાયરેક્ટર ભગિની રમાબેન.



જલાલપોરમાં મંદબુદ્ધિની શાળાના આચાર્ય ભ્રાતા જયેશભાઈને રક્ષાબંધન કરતાં બ્ર.કુ. ભાનુબેન.



અમદાવાદ મણીનગર ખાતે 'નશામુક્ત અભિયાન'ના શુભારંભમાં વી.એસ. હોસ્પિટલના સુપ્રી. ડૉ. કૌશિકભાઈ, જમાયતે ઈસ્લામ હિન્દના સેક્રેટરી ઈકબાલ મીરઝા, બ્ર.કુ. નેહાબેન, બ્ર.કુ. અમરબેન.



ગોધરામાં '૧૦ કરોડ નશામુક્ત ભારત અભિયાન'ના કાર્યક્રમમાં પંચમહાલના જજ ભ્રાતા અભયકુમાર, શિક્ષણ નિરીક્ષક સુજીતદાસ પરમાર, ગાયત્રી પરિવારના ભ્રાતા શિવનદાસ, બ્ર.કુ. સુરેખાબેન.



છોટા ઉદેપુરમાં 'નશામુક્ત અભિયાન'ના કાર્યક્રમમાં પૂર્વ MLA શંકરભાઈ, સનરાઈઝ શાળાના નિયામક ડિમ્પલબેન, PI હેતલબેન, સાહિત્યકાર મુકેશભાઈ, આચાર્ય હિતેશભાઈ, બ્ર.કુ. ડૉ. મોનીકાબેન.



રાજકોટ ગાંધીગ્રામ ખાતે 'નશામુક્ત અભિયાન'માં નિધિ શાળાના ટ્રસ્ટી ભ્રાતા યશપાલભાઈ ચુડાસમા, પૂર્વ કાઉન્સીલર દુર્ગાબેન, આચાર્ય મીનાબેન, બ્ર.કુ. નયનાબેન, બ્ર.કુ. ભાગ્યાબેન.



આહવા ખાતે ડાંગના MLA વિજયભાઈ પટેલ, બાળ સુરક્ષા અધિકારી ભ્રાતા ચિરાગભાઈ જોષી, શાળાના આચાર્ય, સ્ટાફ, વિદ્યાથીઓને 'નશા મુક્તિની પ્રતિજ્ઞા કરાવતાં બ્ર.કુ. ઈનાબેન, બ્ર.કુ. મધુબેન.



વસોમાં 'નશામુક્ત અભિયાન'માં પ્રદેશ મહામંત્રી હેમલબેન, વીઝન ચાઈલ્ડ શાળાના નિયામક હીનાબેન, જીલ્લા મહિલા મોરચાના મંત્રી અમિતાબેન, જીલ્લા યુવા મોરચાના વનરાજભાઈ, બ્ર.કુ. તરૂબેન.



માતરની એન.સી. પરીખ શાળામાં 'નશામુક્ત અભિયાન' કાર્યક્રમ બાદ આચાર્ય એમ.એમ. પડધરીયા, શિક્ષકો સાથે બ્ર.કુ. રૂપલબેન.



સુરત પરવટ ખાતે કિન્નર સમાજને 'નશામુક્તિ'ની સમજુતી આપ્યા બાદ પ્રતિજ્ઞા કરાવતાં બ્ર.કુ. સંગીતાબેન.



સુરત રાંદેરમાં 'લોકનાયક' દૈનિકના માલિક કાંતિભાઈ રાદડિયાને રક્ષાસૂત્ર બાંધતા મીડિયા પ્રભાગના સંયોજીકા બ્ર.કુ. રંજનબેન.



અમદાવાદમાં 'નવગુજરાત સમય' દૈનિકના તંત્રી ભ્રાતા અજયભાઈ ઉમટને તિલક કરતાં મીડિયા પ્રભાગના સહસંયોજીકા બ્ર.કુ. ડૉ. નંદિનીબેન.



ભુજ ખાતે કચ્છ તથા મોરબીના MP ભ્રાતા વિનોદભાઈ ચાવડાને રક્ષાબંધન કરતાં બ્ર.કુ. રક્ષાબેન.



માળીયા હાટીના ખાતે MP ભ્રાતા રાજેશભાઈ ચુડાસમાને રક્ષાસૂત્ર બાંધી ઈશ્વરીય સોગાત આપતાં બ્ર.કુ. મીતાબેન.



ન્યુઝીલેન્ડમાં ભારતના હાઈ કમિશનર મહામહિમ ભગિની મુઆનપુઈ સૈયાવીને રક્ષાબંધન કરતાં બ્ર.કુ. ભાવનાબેન.



સિધ્ધપુર ખાતે MLA ભ્રાતા બલવંતસિંહ રાજપૂતને રક્ષાબંધન કરતાં બ્ર.કુ. વિજયાબેન.



અમદાવાદ ચાંદખેડા ખાતે ત્રિરંગા યાત્રામાં MLA ભ્રાતા અલ્પેશ ઠાકોરને ઈશ્વરીય સોગાત આપતાં બ્ર.કુ. સંગીતાબેન.



પાટણની હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ પ્રો. ડૉ. કિશોરકુમાર પોરીયાને રક્ષાબંધન કરતાં બ્ર.કુ. નીલમબેન.



રાજકોટની આર.કે. યુનિવર્સિટીના ચેરમેન ભ્રાતા ડેનીસભાઈ પટેલને રક્ષાબંધન કરતાં આદરણીય ભારતીદીદીજી.



અમદાવાદમાં અદાણી ગ્રુપના સ્થાપક અને ચેરમેન ભ્રાતા ગૌતમભાઈ અદાણીને રક્ષાબંધન કર્યા બાદ બ્ર.કુ. અમરબેન.



વડોદરા અટલાદરામાં નવનિયુક્ત BJPના રાષ્ટ્રીય અધ્યક્ષ ભ્રાતા ડૉ. હેમાંગ જોષીને રક્ષાબંધન કરતાં બ્ર.કુ.ડૉ. અરૂણાબેન.



પોરબંદરમાં ગુજરાતના વન અને પર્યાવરણ મંત્રી ભ્રાતા અર્જુનભાઈ મોઢવાડીયાને રક્ષાબંધન કરતાં બ્ર.કુ. લીનાબેન.



છોટાઉદેપુરમાં ગુજરાત સરકારના આદિજાતિ વિકાસ મંત્રીશ્રી ભ્રાતા પી.સી. બરંડાને રક્ષાસૂત્ર બાંધતા બ્ર.કુ. ડૉ. મોનીકાબેન.



રાજકોટ ખાતે લોકસભાના MP ભ્રાતા પુરૂષોતમભાઈ રૂપાલાને રક્ષાબંધન કરતાં રવિરત્ન સેવાકેન્દ્રના બ્ર.કુ. વિધીબેન.



ગોંડલ ખાતે લોકસભાના MP ભ્રાતા મેશભાઈ ધડુકને રક્ષાસૂત્ર બાંધતા બ્ર.કુ. ભાવનાબેન.



સુરત અડાજણમાં વિધાનસભાના ડેપ્યુટી સ્પીકર ભ્રાતા પુર્ણેશભાઈ મોદીને રક્ષાબંધન કરીને સાથે બ્ર.કુ. હેતલબેન, બ્ર.કુ. લક્ષ્મીબેન.

If Undelivered Please Return to Publishing Place :
BRAHMA KUMARIS, 'Sukh Shanti Bhawan', Opp. Municipal School-6,
Bhulabhai Park Road, Kankaria, Ahmedabad-380022. (Gujarat) INDIA



Publisher : Bharti Ranchhoddas Somaiya
Phone : 079- 25324460,
Email : gyanamrit.guj@gmail.com